પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૨૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૧-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મોદીએ દિલ્હીમાં યોજાયેલી મુખ્ય સચિવોની બીજી રાષ્ટ્રીય પરિષદમાં સંબોધન આપ્યું

# વિકસિત ભારતનું નિર્માણ કરવા દેશ ૪ સ્તંભ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં યોજાયેલી મુખ્ય સચિવોની બીજી રાષ્ટ્રીય પરિષદમાં સંબોધન આપ્યું હતું.વડાપ્રધાને જૂન ૨૦૨૨માં યોજાયેલી છેલ્લી પરિષદથી દેશ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા વિકાસના સીમાચિહ્નોને યાદ કર્યા હતા, જેમાં ભારતે જી૨૦ની અધ્યક્ષતા પ્રાપ્ત કરી, વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું, નવા સ્ટાર્ટઅપ્સની ઝડપી નોંધણી, અવકાશ ક્ષેત્રમાં ખાનગી ખેલાડીઓની પ્રવેશ, રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિનો પ્રારંભ, રાષ્ટ્રીય ગ્રીન હાઈડ્રોજન મિશનને મંજૂરી વગેરેનો સમાવેશ થાય છે. તેમણે રેખાંકિત કર્યું હતું કે, રાજ્યો અને કેન્દ્રએ સાથે મળીને કામ કરવું જોઈએ અને પ્રગતિની ગતિ વધારવી જોઈએ.



વડાપ્રધાને જણાવ્યું હતું કે, વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે, દેશ માળખાકીય સુવિધાઓ, રોકાણ, આવિષ્કાર અને સમાવેશના ચાર સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આજે આખી દુનિયા ભારતમાં વિશ્વાસ વ્યક્ત કરી રહી છે અને આપણને એવા દેશ તરીકે જોવામાં આવી રહ્યો છે જે વૈશ્વિક પુરવઠા શૃંખલામાં સ્થિરતા લાવી શકે તેમ છે. તેમણે કહ્યું હતું કે, જો રાજ્યો નેતૃત્વ લેશે, ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને 'ભારત પ્રથમ'ના અભિગમ સાથે નિર્ણયો લેશે તો જ દેશ આનો સંપૂર્ણ લાભ મેળવી શકશે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યોએ વિકાસ તરફી શાસન, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ઈઝ ઓફ લિવિંગ અને મજબૂત માળખાકીય સુવિધાઓની જોગવાઈ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમનો પ્રારંભ કરતા, મોદીએ મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ હેઠળ દેશના વિવિધ મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં પ્રાપ્ત થયેલી સફળતા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, મહત્વાકાંક્ષી જિલ્લા મોડલને હવે મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમના રૂપમાં તાલુકા સ્તર સુધી લઈ જવું જોઈએ. તેમણે બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને પોતપોતાના રાજ્યોમાં મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમનો અમલ કરવા માટે જણાવ્યું હતું.

વડાપ્રધાને એમએસએમઈ વિશે ચર્ચા કરતી વખતે જણાવ્યું હતું કે, રાજ્યોએ અવશ્યપણે એમએસએમઈના ઔપચારિકકરણ માટે સક્રિયપણે કામ કરવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, આ એમએસએમઈને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે આપણે ફાઈનાન્સ, ટેક્નોલોજી, માર્કેટ અને કૌશલ્યની પહોંચ ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. તેમણે જીઈએમ પોર્ટલ પર વધુ એમએસએમઈને લાવવાની પણ ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આપણે એમએસએમઈને વૈશ્વિક ચેમ્પિયન અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાનો ભાગ બનાવવાની દિશામાં પગલાં લેવા જોઈએ. એમએસએમઈના વિકાસમાં ક્લસ્ટર અભિગમની સફળતા વિશે ચર્ચા કરતા,વડાપ્રધાને જણાવ્યું હતું કે, એમએસએમઈ ક્લસ્ટરો અને સ્વ-સહાય સમૂહોના જોડાણને અનન્ય સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને તેમના માટે જીઆઈ ટેગની નોંધણી મેળવવા માટે એક્સપ્લોર શકાય છે, તેને 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ'ના પ્રયાસ સાથે સાંકળી શકાય છે. તેમણે આગળ ઉમેર્યું હતું કે, તેનાથી વોકલ ફોલ લોકલના આહ્વાન પ્રોત્સાહન મળશે. તેમણે કહ્યું હતું કે, રાજ્યોએ તેમના શ્રેષ્ઠ સ્થાનિક ઉત્પાદનોને ઓળખી કાઢવા જોઈએ અને તેમને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કદ પ્રાપ્ત કરવામાં મદદ કરવી જોઈએ. આ વાત કરતી વખતે તેમણે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શરૂ કરવામાં આવેલા એકતા મોલનું ઉદાહરણ પણ આપ્યું હતું.

વડાપ્રધાન મોદીએ એક સમયે દેશમાં લાગુ કરવામાં આવેલા અતિ-નિયમન અને નિયંત્રણોના બોજને યાદ કર્યો હતો અને કેન્દ્ર તેમજ રાજ્ય સ્તરે હજારો અનુપાલનને સમાપ્ત કરવા માટે કરવામાં આવેલા સુધારાઓને યાદ કર્યા હતા. તેમણે જૂના કાયદાઓને સમાપ્ત કરવાની જરૂરિયાત વિશે પણ વાત કરી હતી, જેમાંથી કેટલાક કાયદા તો આઝાદી મળી ત્યારથી ચાલ્યા આવે છે.

વિવિધ સરકારી વિભાગો એક જ દસ્તાવેજો કેવી રીતે માંગે છે તેના વિશે ચર્ચા કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજે સમયની માંગ છે કે, સ્વ-પ્રમાણીકરણ, ડીમ્ડ એપ્રૂવલ અને ફોર્મના માનકીકરણ તરફ આગળ આપણે આગળ વધવું જોઈએ. તેમણે કેવી રીતે દેશ ભૌતિક અને સામાજિક બંને માળખાકીય સુવિધાને વધુ સારી બનાવવા માટે કામ કરી રહ્યો છે તેના વિશે પણ વાત કરી હતી અને પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટરપ્લાન વિશે ચર્ચા કરી હતી. તેમણે ડેટા સુરક્ષા અને આવશ્યક સેવાઓની વિના અવરોધે ડિલિવરી પહોંચાડવા માટે સુરક્ષિત ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવાના મહત્વ વિશે પણ વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજ્યોએ મજબૂત સાઈબર સુરક્ષા વ્યૂહરચના અપનાવવાનો પ્રયાસ કરવો જોઈએ અને આગળ ઉમેર્યું હતું કે, આ રોકાણ ભવિષ્ય માટેના વીમા જેવું છે. સાઈબર સુરક્ષા ઓડિટ વ્યવસ્થાપન અને કટોકટી વ્યવસ્થાપન યોજનાઓના વિકાસ સંબંધિત પાસાઓની પણ તેમણે ચર્ચા કરી હતી.

વડાપ્રધાને દેશના દરિયાકાંઠાના વિસ્તારોના વિકાસ અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેશનો વિશાળ એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન સંસાધનોથી સજ્જ છે અને દેશ માટે વિપુલ તકો પૂરી પાડે છે. વલયાકાર અર્થવ્યવસ્થા પ્રત્યે જાગૃતિ વધારવાની જરૂરિયાત પર ભાર મૂકતા, પીએમએ મિશન લાઈફ (પર્યાવરણની જીવનશૈલી) અને તેને આગળ વધારવામાં રાજ્યો દ્વારા ભજવવામાં આવતી મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

ભારતની પહેલ પર, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૩ને બાજરીના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે, એમ જણાવતાં સ્એ જણાવ્યું હતું કે, બાજરી માત્ર સ્માર્ટ ફૂડ નથી પરંતુ પર્યાવરણને અનુકૂળ પણ છે અને ભવિષ્યમાં ટકાઉક્ષમ ખોરાક બની શકે છે. તેમણે કહ્યું હતું કે, રાજ્યોએ બાજરીના ઉત્પાદનો સંબંધિત સંશોધન જેમ કે પ્રસંસ્કરણ, પેકેજિંગ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ વગેરે પર કામ કરવું જોઈએ અને બાજરીના ઉત્પાદનોના એકંદર મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવું જોઈએ. સ્એ દેશભરના અગ્રણી જાહેર સ્થળો અને રાજ્ય સરકારની કચેરીઓ પર 'બાજરી કાફે' સ્થાપિત કરવા અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યોમાં યોજાનારી ૨૨૦ બેઠકોમાં બાજરીનું પ્રદર્શન કરવામાં આવી શકે છે.

રાજ્યોમાં યોજાનારી જી-૨૦ની બેઠકો સંબંધિત તૈયારીઓ માટે, પીએમએ સામાન્ય નાગરિકોને સામેલ કરવાના મહત્વ પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવા 'સિટીઝન કનેક્ટ' (જન જોડાણ) પ્રાપ્ત કરવા માટે સર્જનાત્મક ઉકેલોની કલ્પના કરવી જોઈએ. તેમણે જી ૨૦ સંબંધિત તૈયારીઓ માટે સમર્પિત ટીમની સ્થાપના કરવાની પણ સલાહ આપી હતી.પીએમએ રાજ્યોને ડ્રગ્સ, આંતરરાષ્ટ્રીય ગુનાઓ, આતંકવાદ અને વિદેશી ધરતી પર ઉદ્દભવતી ગેરસમજને કારણે ઊભા થતા પડકારો અંગે પણ ચેતવણી આપી હતી.

પીએમએ બ્યૂરોક્રેસીની ક્ષમતામાં વધારો કરવાની જરૂરિયાત અને મિશન કર્મયોગી શરૂ કરવાની ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે તેમની તાલીમ સંબંધિત માળખાકીય સુવિધાઓની પણ સમીક્ષા કરવી જોઈએ અને ક્ષમતા નિર્માણના કાર્યક્રમો શરૂ કરવા જોઈએ.

પીએમએ જણાવ્યું હતું કે, મુખ્ય સચિવોની આ પરિષદનું આયોજન કરવા માટે વિવિધ સ્તરે લગભગ ૪૦૦૦ અધિકારીઓએ કામ કર્યું છે, જેના માટે ૧ લાખ ૧૫ હજારથી વધુ માનવ કલાકોનું રોકાણ કરવામાં આવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રયાસો પાયાના સ્તરે પણ પ્રતિબિંબિત થવા જોઈએ અને પરિષદમાંથી મળતા સૂચનોના આધારે કાર્ય યોજનાઓ તૈયાર કરવા અને અમલમાં મૂકવા માટે રાજ્યોને જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, નીતિ આયોગે આ સંદર્ભે રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા પણ તૈયાર કરવી જોઈએ.

## કચ્છના ભચાઉમાં ૨.૯ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા, કેન્દ્રબિંદુ ૧૬ કિ.મી દૂર

ભુજ,

કચ્છમાં વારંવાર ધરતી ધ્રૂજવાની ઘટનાઓ બનતી રહે છે. આજે સવારે ૧૦.૫૭ વાગ્યે કચ્છના ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતાં. ૨.૯ની તીવ્રતાનો ભૂકંપ આવતાં જ લોકો ઘરની બહાર દોડી ગયાં હતાં. ભચાઉથી ૧૬ કિ.મી દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ હોવાનું જાણવા મળ્યું છે. ૧૦ ડિસેમ્બરે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ધરતી ધ્રુજી ઉઠતા લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. ભૂકંપનો આંચકો આવતા જ



લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં ૨૦ સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી ઉઠી હતી. ભૂકંપ આજે બપોરે ૪.૨૭ વાગે આવ્યો હતો.

વલસાડમાં ૧ ડિસેમ્બરે રિએક્ટર સ્કેલ પર ૩.૩ ની તીવ્રતાના ઉપરાઉપરી બે ભૂકંપો આવ્યા બાદ ૫મી ડિસેમ્બરે કચ્છના ખાવડાથી ૨૮ કિ.મી. ઉત્તરે સવારે ૪.૧૭ વાગ્યે ૩.૨નો ધરતીકંપ રાજ્યના સિસ્મોલોજી સેન્ટરમાં નોંધાયો હતો. કચ્છમાં મોટી ફોલ્ટલાઈન છે અને ત્યાં અવારનવાર ભૂકંપ આવતા હોય છે પરંતુ, ૫મીએ આવેલો ભૂકંપ જમીનથી માત્ર ૫.૯ કિ.મી. ઉંડાઈએ ઉદ્ભવ્યો હતો.

અમરેલી પંથકમાં ૧૭ ડિસેમ્બરે ભૂકંપના ઉપરાઉપરી ચાર હળવા આંચકા નોંધાયાનું સિસ્મોલોજીકલ સેન્ટરના સૂત્રોએ જણાવ્યું હતું. તેનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૩૨થી ૪૪ કિ.મી. દૂર દક્ષિણ અને ઉત્તર બન્ને દિશામાં નોંધાયું હતું. અમરેલીથી અહેવાલ પ્રમાણે સાવરકુંડલા તાલુકાના મિતિયાળા પંથકમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેની તીવ્રતા ૨.૦ અને ૨.૨ નોંધાઈ છે અને તમામ આંચકા ધરતીની ઉપરી સપાટી પર ઉદભવ્યા હતા. પ્રાથમિક રીતે આ આંચકા ઉદભવવાનું કારણ ભૂગર્ભ જળસ્તરમાં ફેરફાર મનાય છે.

## ચીનને ત્રણ મહિનામાં પછાડી ભારત, વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બનશે

નવીદિલ્હી,

આપણો દેશ ઘણી બધી સમસ્યાઓ વચ્ચે ઘેરાયેલો જોવા મળે છે. જેમાં વસ્તી વધારો પણ એક સમસ્યા છે. વિશ્વ ભરમાં સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ ચીનને ગણવામાં આવે છે. પરંતુ, સંયુક્ત રાષ્ટ્રના પોપ્યુલેશન ડિવિઝનનો તાજેતરમાં આવેલ એક અહેવાલમાં દાવો કર્યો છે કે, ભારત આગામી ત્રણ મહિનામાં ચીનને પછાડીને વસ્તી વધારાના ક્ષેત્રે આગળ નીકળી શકે છે. જે વિશ્વનો સૌથી વધારે વસ્તી વાળો દેશ બનશે. વસ્તી વધારાના કારણે દેશમાં સામાજીક અને આર્થિક બાબત પર અસર જોવા મળશે. વસ્તી વધારાના કારણે લોકોને રહેઠાણની સમસ્યા, ગરીબી, બેરોજગારી, આરોગ્ય સેવા જેવી અન્ય ક્ષેત્રે પણ અસર જોવા મળશે. સામાન્ય રીતે ભારતમાં મોટા ભાગના પરિવારમાં એક વ્યક્તિ કમાનાર હોય છે અને અન્ય લોકો ખાનાર હોય છે. જેના કારણે દેશના નાગરિકોને આર્થિક તંગીનો પણ સામનો કરવો પડે છે. સંયુક્ત રાષ્ટ્રના પોપ્યુલેશન ડિવિઝનના અહેવાલ અનુસાર ભારતમાં ઝડપથી વધતી વસ્તી ૧.૪૧ બિલિયન લોકોમા ૪ વ્યક્તિ માંથી ૧ વ્યક્તિ ૧૫ વર્ષથી ઓછી ઉમર ધરાવતી હશે.

તે જ સમયે, વર્તમાન મૂલ્યાંકન અનુસાર, ચીનની વસ્તી આ દિવસોમાં ૧.૪૨ અબજ છે. જ્યારે ભારતની વસ્તી ૧.૪૧ અબજ છે. અમેરિકાની વસ્તી ૩૩૮ મિલિયન હોવાનો અંદાજ છે. ઈન્ડોનેશિયાની વસ્તી ૨૭૬ મિલિયન હોવાનો અંદાજ છે. પાકિસ્તાનની વસ્તી ૨૩૬ મિલિયન હોવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચીન હજુ પણ વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. તેની વસ્તી સતત વધી રહી છે. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ૨૦૩૦ સુધીમાં વિશ્વની વસ્તી ૮.૫ અબજ થઈ શકે છે. ૨૦૫૦ સુધીમાં તે ૯.૭ અબજ અને ૨૧૦૦ સુધીમાં ૧૦.૪ અબજ થઈ જશે.

એવું કહેવાય છે કે વૈશ્વિક વસ્તી ૭ અબજથી ૮ અબજ સુધી પહોંચવામાં લગભગ ૧૨ વર્ષ લાગ્યા છે. આવી સ્થિતિમાં એવો અંદાજ પણ લગાવવામાં આવ્યો છે કે ૨૦૩૭ સુધીમાં એટલે કે ૧૫ વર્ષમાં તે ૯ અબજના આંકડાને સ્પર્શી શકે છે. રિપોર્ટમાં આશંકા છે કે ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક વસ્તી વૃદ્ધિ માત્ર આઠ દેશોમાં કેન્દ્રિત થઈ જશે. તેમના નામ કોંગો, ઈજિપ્ત, ઈથોપિયા, ભારત, નાઈજીરીયા, પાકિસ્તાન, તાન્ઝાનિયા અને ફિલિપાઈન્સ છે.

## આ વખતે ગણતંત્ર દિવસ પર CRPFની મહિલા માર્ચિંગ આકર્ષણની કેન્દ્ર રહેશે

નવીદિલ્હી,

કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ(સીઆરપીએફ)ની મહિલા પથ સંચલન અને બેંડ ટુકડી રાષ્ટ્રીય રાજધાનીમાં આગામી સ્વતંત્ર દિવસ પરેડનો હિસ્સો રહેશે.અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ટુકડી હાલ કર્તવ્ય પથ પર ૨૬ જાન્યુઆરીના આ રાષ્ટ્રીય કાર્યક્રમ માટે અભ્યાસ કરી રહી છે.તેને ગણતંત્ર દિવસ ૨૦૨૩ માટે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ ધ્યેય વાકય નારકી શક્તિ હેઠળ સામેલ કરવામાં આવી છે.

સીઆરપીએફના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે દેશના સૌથી મોટા અર્ધસૈનિક દળ કેન્દ્રીય રિઝર્વ પોલીસ જળ મહિલા સશક્તિકરણના વિષય પર એક ઝાંખી પણ તૈયાર કરી રહ્યું છે.તેમાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ સીએપીએફની તમામ શાખાઓને જગ્યા મળશે

સીઆરપીએફમાં લગભગ ૩.૨૫ લાખ કર્મી છે.સીઆરપીએફ ઉપરાંત અન્ય સીએપીએફ સીમા સુરક્ષા દળ,ભારત તિબેટ સીમા પોલીસ,સશસ્ત્ર સીમા દળ અને કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ છે અને તે તમામમાં મહિલા કર્મી છે.ભારતની સૈશ્ય શક્તિ અને સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રદર્શિત કરનારી આ પરેડ દર વર્ષ ૨૬ જાન્યુઆરીએ કર્તવ્ય પથ પર કાઢવામાં આવે છે અને આ રાષ્ટ્રપતિ ભવનથી ઈડિયા ગેટ થઈ લાલકિલા સુધી જાય છે દેશની આંતરિક સુરક્ષાથી જોડાયેલ મુખ્ય દળ સીઆરપીએને મોટાપાયા પર વામચરમપંથના ખતરાનો મુકાબલો કરવા,જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી વિરોધી અભિયાનો અને પૂર્વોત્તરમાં ઉગ્રવાદ વિરોધી અભિયાનોમાં તહેનાત કરવામાં આવે છે.

## અમૂલના ચેરમેન પદ માટે બે દિગ્ગજોનું નામ રેસમાંથી આપોઆપ બહાર, તો હવે કોણ?

અમદાવાદ,

ગુજરાતમાં ૬૧ હજાર કરોડની વહીવટ ધરાવતી અને દેશની ટોપની સહકારી સંસ્થા જીસીએમએમએફમાં સોઢીના કારસ્તાનોને કારણે બદનામ થાય એ પહેલાં સોઢીને બહારનો રસ્તો દેખાડી દેવાયો છે. સોઢીના ખેલોને પગલે ગુજરાતા ૩૬ લાખ પશુપાલકોનો વિશ્વાસ આ સંગઠન પર જળવાઈ રહે એ માટે લેવાયેલા નિર્ણયની દૂધ સંઘો દ્વારા સરાહના કરાઈ રહી છે ત્યારે સૌથી મોટી બાબત એ છે કે હવે અમૂલમાં નવા ચેરમેન માટે સૌથી મોટો જંગ ખેલાશે. રાજ્યમાં દૂધ સંઘોમાં દૂધસાગર, સાબર, બનાસ અને આણંદની અમૂલ ડેરીનો દબદબો છે. આ સંઘોના ચેરમેન જ અમૂલના ચેરમેન બનતા આવ્યા છે. આ ડેરીઓનું અમૂલના જીસીએમએમએફ પર પ્રભુત્વ છે.

હાલમાં શામળભાઈ એ સંઘના અમૂલ ફેડરેશનના ચેરમેન છે. અમૂલ'ના એમડી પદેથી ડો.આર.એસ.સોઢીની હકાલપટ્ટી બાદ આંતરિક ઓડિટનો દોર શરૂ થયો છે. અમૂલમાં ચાલતા ગેરવહીવટ અને તેની ફરિયાદોને પગલે આગામી એકાદ સપ્તાહમાં રાજ્યનો સહકાર વિભાગ નાણાકીય વહીવટના ઓડિટ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ-સીએની પણ નિયુક્તિ કરશે તેમ જાણવા મળ્યું છે. આમ હવે સોઢીના આંતરિક પોલો બહાર આવે તેવી પૂરી સંભાવના છે. સોઢીએ રાજીનામું આપી દીધું હોવાનું જાહેર કરતાં સંઘે એમને રવાના કર્યા હોવાનો લેટર જાહેર કર્યો હતો. હાલમાં સોઢીના કારરસ્તાનોની તપાસ થઈ રહી છે પણ આગામી દિવસોમાં અમૂલના ચેરમેનની ચૂંટણી નવો રંગ પકડે તો પણ નવાઈ નહીં.

## વિકાસદર અર્ધોઅર્ધ ઘટશે, વૈશ્વીક મંદી સર્જાશે: વર્લ્ડબેંકની ચેતવણી

નવીદિલ્હી,

વિશ્વ બેંકે ચાલુ વર્ષનો વિકાસ અંદાજમાં અર્ધોઅર્ધ ઘટાડો કર્યો છે અને વૈશ્વીક અર્થતંત્રની મંદીની ચેતવણી ઉચ્ચારી છે. ભારતનો વિકાસદર ૬.૬ ટકા રહેવાનુ અનુમાન દર્શાવ્યુ છે. વિશ્વ બેંકે જુનમાં દર્શાવેલા અંદાજ કરતા અર્ધી ગતિએ જીડીપી વિકાસદર ૧.૭ ટકા જ રહેવાનુ નવા રીપોર્ટમાં જણાવ્યું છે અને છેલ્લા ત્રણ દાયકામાં ૨૦૦૯-૨૦૨૦ પછી સૌથી ખરાબ વર્ષ રહેવાની લાલબતી ધરી છે.

૨૦૨૪ના વિકાસદરના અંદાજમાં પણ કાપ મુકતા વિશ્વબેંકે રીપોર્ટમાં એમ દર્શાવ્યું છે કે ઉંચા ફુગાવા તથા ઉંચા વ્યાજદરને કારણે આ હાલત સર્જાશે. રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધ તથા રોકાણમાં ઘટાડો પણ અસરકર્તા બનશે. વર્લ્ડબેંકના વડા ડેવિડ મલ્પાસ્સે અર્ધવાર્ષિક રિપોર્ટમાં જણાવ્યું હતું કે વિકાસ આડેના અવરોધ-કટોકટી વધુ ગંભીર બની રહ્યા છે અને વૈશ્વીક સમૃદ્ધિમાં ફટકો પડવાનો દોર જારી રહી શકે છે. અમેરિકા, ચીન તથા યુરોપીયન યુનિયનની નબળાઈથી ગરીબ દેશોની હાલત વધુ



ખરાબ થઈ શકે છે. ફુગાવો યથાવત છે અને આવનારા મહિનાઓમાં દબાણ વધી શકે છે. કેન્દ્રીય બેંકો અપેક્ષા કરતા વધુ ઝડપે વ્યાજદરમાં વધારો કરી રહી છે.

ધીમા વિકાસ, ટાઈટ આર્થિક હાલત તથા જંગી દેવાબોજને કારણે રોકાણ વધુ ઘટી શકે છે અને કોર્પોરેટ ડીફોલ્ટનું જોખમ સર્જાઈ શકે છે. વૈશ્વીક મંદી ટાળવા વૈશ્વીક કદમ આવશ્યક છે. વિકાસશીલ રાષ્ટ્રોમાં મોટા પ્રમાણમાં રોકાણ પર ફોકસ કરવાની સલાહ આપી હતી. બીજી તરફ ભારત માટે પણ વિશ્વબેંકે લાલબતી ધરતો રીપોર્ટ જારી કર્યો છે અને વૈશ્વીક ધીમા વિકાસદર તથા વધતી અનિશ્ચીતતાને કારણે ભારતને પણ રોકાણ અને નિકાસ મોરચે ફટકો પડી શકે છે. ભારતનો વિકાસદર ૨૦૨૨-૨૩ના ૬.૯ ટકાના અંદાજ સામે ૨૦૨૩-૨૪માં ૬.૬ ટકા રહેવાનુ અનુમાન દર્શાવવામાં આવ્યું છે.

## કાશ્મીરી પંડિતની પિડા માટે ભાજપની છેંતરપીડી આપો વાળી નીતિ જવાબદાર : મલ્લિકાર્જૂન

નવીદિલ્હી,

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ આરોપ લગાવ્યો છે કે જમ્મુ કાશ્મીરમાં ભાજપની ઉપયોગ કરો,ત્યાગો અને છેંતરપીડી કરોવાળી નીતિ કાશ્મીરી પંડિતોની પીડા માટે જવાબદાર છે. તેમણે ટ્વીટ કર્યું કે કાશ્મીરી પંડિત કર્મચારી ૨૪૫થી વધુ દિવસોથી પ્રદર્શન કરી રહ્યાં છે જીવનના અધિકાર અને નવા સ્થાન પર વસાવવાની માંગ કરી રહ્યાં છે.તેમના મહીનાઓના પગાર બાકી છે તેમની સુરક્ષાની સાથે સમજૂતિ થઈ રહી છે.

ખડગેએ આરોપ લગાવ્યો કે ભાજપની ઉપયોગ કરો,ત્યાગો અને છેંતરપીડી કરોવાળી નીતિ કાશ્મીરી પંડિતોની પીડા માટે જવાબદાર છે.ગત વર્ષ આતંકવાદીઓ દ્વારા રાહુલ ભટ્ટની હત્યા કર્યા બાદ કામ પર ન આવનારા મોટાભાગના કાશ્મીરી પંડિત કર્મચારી કામ પર પરત ફર્યા છે.જમ્મુ કાશ્મીર પ્રશાસનના એક વરિષ્ઠ અધિકારીએ તાજેતરમાં આ માહિતી આપી હતી પ્રદર્શનકારી કર્મચારીઓના એક સમૂહે ઘાટી છોડી દીધી અને જમ્મુમાં પ્રદર્શન કર્યું તેમણે માંગ કરી છે કે જયાં સુધી આ સુરક્ષા સ્થિતિમાં સુધારો નહીં થાય ત્યાં સુધી તેમને કાશ્મીરથી બહાર સ્થાનાંતરિત કરી દેવામાં આવે જો કે પ્રશાસન કાશ્મીરી પંડિતો(કેપી)ની મોટાભાગની માંગો પર ધ્યાન આપવા માટે સહમત થઈ ગયું છે પરંતુ તેણે તેમને કાશ્મીરથી બહાર સ્થાનાંતરિત કરવાનો ઈન્કાર કર્યો છે. પ્રશાસને વિરોધ કરનારા કર્મચારીઓની વિરૂધ્ધ પોતાનું વલણ વધુ સખ્ત કરી દીધુ તથા કામ પર પરત નહીં આવનારાઓનો પગાર રોકી દીધો.

## રક્ષા મંત્રી રાજનાથસિંહ રાજૌરીનો પ્રવાસ કરે તેવી સંભાવના

નવીદિલ્હી,

રક્ષા મંત્રી રાજનાથ સિંહ જમ્મુ કાશ્મીરના રાજૌરીનો પ્રવાસ કરી શકે છે.સુત્રોના જણાવ્યા અનુસાર રાજનાથસિંહ ૨૬ જાન્યુઆરી બાદ રાજૌરી જાય તેવી સંભાવના છે.જમ્મુ કાશ્મીરના ભાજપ નેતાઓએ દિલ્હીમાં રાજનાથ સિંહની મુલાકાત કરી હતી અને ભાજપ નેતાઓએ રાજનાથસિંહથી રાજૌરીમાં સુરક્ષા વ્યવસ્થાને લઈ ચર્ચા કરી નેતાઓએ માંગ કરી છે કે રાજૌરીમાં સુરક્ષાની વ્યવસ્થા વધુ યોગ્ય કરવી જોઈએ. એ યાદ રહે કે તાજેતરમાં રાજૌરીના ડાંગરી ગામમાં આતંકવાદીઓએ હિન્દુ પરિવારોને નિશાન બનાવ્યા હતાં આતંકીઓએ આડેધડ



ગોળીબાર કરી સાત લોકોને માર્યા ગયા અને અનેક લોકોને ઈજા પહોંચી હતી.સુરક્ષા દળોએ રાજૌરી હુમલાનો બદલો લઈ લીધો છે.સુરક્ષા દળોએ બાલાકોટમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતાં આ બંન્ને રાજૌરી હુમલામાં સામેલ હતાં બાકીના આતંકીઓની હાલ શોધ ચાલી રહી છે. આશંકા છે કે આતંકીઓને સ્થાનિક લોકોનું સમર્થન મળી રહ્યું છે.

## હવે સરકારી શિક્ષકોને મોડા આવવાનું નહિ ચલાવી લેવાય

ગાંધીનગર,

પ્રાથમિક શાળામાં અનિયમિત રહેનારા શિક્ષકો પર હવે તવાઈ આવશે. પ્રાથમિક શિક્ષણના નિયામકે અનિયમિતતા, ગેરવર્તન કરનારા શિક્ષકોની માહિતી મંગાવી છે. રાજ્યભરની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ પાસેથી માહિતી આવા શિક્ષકોના લિસ્ટની માંગણી કરાઈ છે. તેમજ ફરજમાં બેદરકારી, ગેરવર્તન, ગેરવર્તન બદલ આપાયેલી નોટિસ અંગે પણ માહિતી માંગવામા આવી છે. પ્રાથમિક શિક્ષણના નિયામકે અનિયમિતતા, ગેરવર્તન કરનારા શિક્ષકોની માહિતી મંગાવી છે. સાથે જ શાળાએ આપેલી નોટિસનો ખુલાસો આપ્યો છે કે નહીં તેની પણ માહિતી માંગી છે. તેમજ ખુલાસો યોગ્ય છે કે નહિ તે અંગેની પણ માહિતી માગવામાં આવી. આવતીકાલે ૧૨મી જાન્યુઆરીના બપોરના ૧ કલાક સુધી તમામ પ્રાથમિક શાળાના આચાર્યએ માહિતી આપવાની રહેશે. ત્યારે આગામી દિવસોમાં અનિયમિત, ગેરવર્તન કે બેદરકારી દાખવનાર શિક્ષકો સામે કાર્યવાહી થઈ શકે છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

પટેલીયા સોનાભાઈ ભારૂભાઈ

તરફથી અભીનંદન....

મુ. ચંચેલાવ, તા. ગોધરા, જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

શાહ હીરેનકુમાર પ્રવિણકુમાર

તરફથી અભીનંદન....

મુ. એરંડી, તા. ગોધરા, જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# બાલાસીનોરના રૈયોલી ગામે રદ્દ કરેલી દુકાન બીજાને સોપાયા છતાં અનાજની ઘટની બુમો ઉઠી

બાલાસીનોર,
બાલાસિનોર તાલુકામાં આવેલ રૈયોલી ગામે સસ્તા અનાજની દુકાનના સંચાલક વિરૂદ્ધમાં થયેલ કાર્યવાહીને અનુસંધાને સસ્તા અનાજની દુકાનનો ફરવાનો રદ કરવામાં આવ્યો છે. પરંતુ આ સસ્તા અનાજની દુકાનનો પરવાનો ફેલસાણી ગામના સંચાલકને આપવામાં આવ્યો છે, પરંતુ દુકાનનું સંચાલન પંકજભાઈ સુખાભાઈ મહેરાના મળતીઓ દ્વારા કરવામાં આવે છે અને એક ખાનગી મકાનમાં બેસીને લેપટોપ દ્વારા ફિંગર લેવામાં આવે છે અને કુપન કાઢવામાં આવતી નથી અને પરવાનો પહેલોની જેમ જ ઓછું અનાજ આપવામાં આવે છે, પરંતુ અધિકારીઓની હજુ સુધી આંખ નથી ઉગડી. આમાં અધિકારીઓની મિલી ભગત બહાર આવી છે અને સંચાલકને બચાવી લેવામાં આવે છે.

તા.૪.૧.૨૦૨૩ ના રોજ મળેલી ગામ સભામાં સસ્તા અનાજની દુકાનના સંચાલકની વિરૂદ્ધમાં ગ્રામસભામાં અનુસૂચિત જાતિના મહિલા સરપંચને હોદ્દાની ગરિમા જાળવવામાં સસ્તા અનાજની દુકાનના સંચાલક પંકજભાઈ ગ્રામસભામાં તારો અવાજ બંધ કર અને તારાથી જે થાય તે કરી લે આવા શબ્દોનો પ્રયોગ કર્યો હતો છતાં અધિકારીઓ મૌન ધારણ કરીને બેઠા છે. ગુજરાતની સરકાર મહિલા સશક્તિકરણની વાતો કરે છે અને આવા અનાજ માફી આવો મહિલાઓનું અપમાન કરે છે. આ સમગ્ર ઘટના પરથી એવું લાગી રહ્યું છે કે, અધિકારીઓ અને સંચાલકો ગરીબ પ્રજાને લૂંટી રહ્યા છે. મળતી માહિતી મુજબ સસ્તા અનાજની દુકાનના સંચાલકનું લાઈસન રદ કર્યું છે અને ફેલસાણીના સંચાલકને રૈયોલી ગામનો ચાર્જ આપ્યો છે, પરંતુ તેનું સંચાલન પંકજભાઈના મળતીયાઓ દ્વારા જ કરવામાં આવે છે અને કુપન કાઢવામાં આવતી નથી અને કોક અજાણ્યા ઘરમાં લેપટોપ લઈને ફિંગર પ્રિન્ટ લેવામાં આવે છે.

# મનરેગા અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માટે લેબર બજેટ બનાવવા વર્કશોપ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મનરેગા યોજના એ ભારત સરકારને ગ્રામીણ લોકોને રોજગારી આપવા માટેનું ઘણી મહત્વની યોજના છે. આ યોજનાથી ગ્રામીણ વિસ્તારના ગરીબ કુટુંબોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી આપવાની જોગવાઈ અને ગેરંટી આપેલ છે. આ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતો પોતાના વિસ્તારમાં આવતા તળાવોનું ઊંડાણ કરવાનું કામ, ખેતીવાડી અને જમીન સુધારણાનું કામ, કુદરતી સંસાધનોનું સંરક્ષણ અને સંવર્ધન કરવાના કામોનું આયોજન કરી શકે છે. આ આયોજન કરવા માટે સંતરામપુર તાલુકાના મનરેગા વિભાગના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ એફઈએસ સંસ્થાના કાર્યકરો સાથે મળીને વર્કશોપનું આયોજન કર્યું હતું. જેમાં છેવાડાના ગામના દરેક ગરીબ કુટુંબને આગામી વર્ષ ૨૦૨૩ ૨૪ માં છેવાડાના ગામોના દરેક કુટુંબોને કઈ રીતે રોજગારી પૂરી પાડી શકાય આને કેવા પ્રકારના કામોની જરૂરિયાત છે. તે જાણવા માટે કોમ્યુનિટી રિસોર્ટ પર્સન એટલે કે સીઆરપીઓને જવાબદારી સોંપવામાં આવી છે. સીઆરપી મિત્રો ગ્રામ પંચાયત સાથે મળીને દરેક ગામમાં અને ફળિયામાં મીટીંગ કરીને રોજગારની જરૂરિયાત ધરાવતા લોકોની યાદી તથા કરવાના થતા કામોની યાદી બનાવશે. આ યાદી અને બજેટના આધારે ગ્રામ પંચાયતો ગ્રામ સભામાં ચર્ચા કરીને તેને લેબર બજેટમાં સમાવેશ કરવા માટે તાલુકા પંચાયતને સોંપશે.

આ વર્કશોપ ને સફળ બનાવવા માટે મનરેગા ટીમ, તાલુકા વિકાસ અધિકારી, સંતરામપુર તાલુકા એફી.એ. સંસ્થાનો સહયોગ મળ્યો હતો.

# સંતરામપુર ખાતે પૂર્વ વિભાગના રાજપૂત સમાજના સ્નેહ મિલન કાર્યક્રમ યોજયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
પૂર્વ વિભાગ રાજપુત સમાજ સંતરામપુર દ્વારા સ્નેહ મિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ તા.૦૮-૦૧-૨૦૨૩ ને રવિવારના રોજ અલ્મા ઈન્ટર નેશનલ સ્કૂલ સંતરામપુર માં યોજવામાં આવેલ જેમાં સમારોહના અદયક્ષ તરીકે એચ.એચ.મહારાણી ઓફ સંતરામપુર અને મુખ્ય મહેમાન તરીકે મહાકાલ સેના ગુજરાતના અધ્યક્ષ વિજયસિંહજી ચાવડા તથા મહીસાગર જિલ્લા મહિલા સંગઠનના પ્રમુખ શ્રીમતિ નિરૂકુંવરબા ડી. સોલંકી અને પૂર્વ વિભાગ રાજપુત સમાજ સંતરામપુરના ૨૧ ગામો માંથી બહોળી સંખ્યામાં વડીલો, વિદ્યાર્થીઓ અને મહીલા સંગઠનની બહેનો હાજર રહી સમાજના સર્વાંગી વિકાસ માટે અને સમાજમાં રહેલા દુષણો દુર કરવા પ્રેરણાદાયી માર્ગદર્શન અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ટોફી આપી સાન્માનિત કર્યા હતા.

# ગોધરા ખાતે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા સૈનિક કલ્યાણ અને સમસ્યા નિવારણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઇ



ગોધરા,
ગોધરા કલેકટર કચેરી હોલ ખાતે જિલ્લા કલેકટર સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં જિલ્લા સૈનિક કલ્યાણ અને સમસ્યા નિવારણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઇ હતી.આ બેઠકમાં સશસ્ત્ર સેના દ્વજદિન વર્ષ ૨૦૨૧/૨૨માં ફાળો આપનાર સરકારી કચેરી/શૈક્ષણિક સંસ્થાઓના સન્માન તેમજ ક્ષતિગ્રસ્ત પૂર્વ સૈનિકો અને દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને માસિક આર્થિક સહાયના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્ર અને રાજ્ય સરકાર તરફથી મળવાપાત્ર યોજનાઓ વિશે મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, ગોધરા દ્વારા વિવિધ માહિતી રજૂ કરાઈ હતી. બેઠકમાં પૂર્વ સૈનિક, સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના ધર્મ પત્નીઓ, આશ્રિતોના કલ્યાણ અને સમસ્યાના મુદ્દાઓ પર પણ સુચારૂ ચર્ચા વિચારણા કરાઈ હતી. આ બેઠકમાં નિવાસી અધિક જિલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, વિવિધ કચેરીઓના અધિકારીઓ/કર્મચારીઓ, પૂર્વ સૈનિકો, ક્ષતિગ્રસ્ત પૂર્વ સૈનિકો તેમજ દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# BRC ભવન ઘોઘંબા ખાતે સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન મેળાનું આયોજન કરાયું




ગોધરા,
પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના બી.આર.સી ભવન તાલુકા પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની અદ્યક્ષતામાં કિશોરી કુશળ બનો સશક્ત અને સુપોષીત કિશોરી અભિયાન મેળાની ઊજવણી કરાઈ હતી. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરી દ્વારા સ્વાગત પ્રવચન તથા મહિલા અને બાળ અધિકારી માધવીબેન ચૌહાણ દ્વારા પ્રાસંગિક ઉદ્દ્બોધન રજૂ કરાયું હતું. જેમાં કિશોરીઓને પૂર્ણાયોજના અંતર્ગત આંગણવાડીમાં આપવામાં આવતી તમામ સેવાઓ અંગે વિસ્તૃત માહિતી અપાઈ હતી. દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી કિરણબેન તરાલે દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના વિશે માહિતી આપી હતી. આ સાથે આરોગ્યની ટીમ દ્વારા આરોગ્ય અને પોષણ અંતર્ગત માહિતી આપેલ, રાજગઢ પોલીસ અધિકારી દ્વારા બહેનોને સ્વ-રક્ષણ બાબતે માર્ગદર્શન અપાયું હતું. ITIની ટીમ દ્વારા ITI વિભાગમાં ચાલતા વિવિધ કોર્સ બાબતે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. એડવોકેટ કાનૂની સેવા સત્તા મંડળ અધિકારી દ્વારા કાનૂની સેવાઓ અંગે જરૂરી માહિતી પૂરીપાડી હતી. પોસ્ટબેંક અધિકારી દ્વારા પોસ્ટમાં ચાલતી વિવિધ યોજનાઓ અંતર્ગત માહિતી રજુ કરાઈ હતી.

આ પ્રસંગે કિશોરીઓ દ્વારા તલવારબાજી રજુ કરાઈ હતી.આ ઉપરાંત વિવિધ વિભાગો દ્વારા સ્ટોલનું આયોજન કરી કિશોરીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળા પુનઃપ્રવેશ,આઈટીઆઈ કરાવેલ રાજ્ય ક્ષેત્રે સારી સિદ્ધિ મેળવેલ પ્રતિભાશાળી કિશોરી તથા હિમોગ્લોબીન વધુ હોય તેવી આંગણવાડીમાં નોંધાયેલ પૂર્ણા કિશોરીઓને ધારાસભ્ય તેમજ અન્ય પદાધિકારીઓ દ્વારા પૂર્ણાશીલ્ડ, પૂર્ણાકપ સાથે પ્રમાણપત્ર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ, શિક્ષણ સમિતિના ચેરમેન, કારોબારી સમિતિના ચેરમેન, રાજગઢ પોલીસ અધિકારી, ઘોઘંબા સરપંચ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# ગોધરા સ્વરૂપ હોટલના માલિક પાસેથી વ્યાજે નાણા લીધા બાદ ત્રણ ગણા નાણાં આપવા છતાં ઉઘરાણી કરતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા શહેર સ્વરૂપ હોટલ તથા સ્વરૂપ સેન્ટરના ઈસમે ૧૫ ટકા વ્યાજે નાણાં આપી તેમજ સીકયુરીટી પેંટે આપેલ કોરા ચેકો અને સ્ટેમ્પ લઈ આજદિન સુધી ૬ લાખ રૂપીયા વસુલ કરી ફરિયાદીને ધંધા સ્થળે પીછો કરી બીજા નાણાં આપવા પડશે તેમ કહી ઉઘરાણી કરતાં ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના સ્વરૂપ હોટલ તથા સ્વરૂપ ઝેરોક્ષ સેન્ટરના કમલેશ બલરાજ દોલતાણી પાસેથી ઘોઘંબા તાલુકાના પાલ્લા કુવેચીયાના શનાભાઈ રાઠવાએ ૨,૦૦,૦૦૦/-રૂપીયા ૧૫ ટકા માસીક વ્યાજે આપેલ હતા. તેમજ સીકયુરીટી પેંટે કોરા ચેકો તથા સ્ટેમ્પ લીધેલ હતા. શનાભાઈ રાઠવા એ અત્યાર સુધી ૬,૦૦,૦૦૦/- રૂપીયા ચુકવેલ હોય તેમ છતાં વ્યાજખોર જે શનાભાઈ રાઠવાના ધંધાના સ્થળે તેમજ ઘરે અવારનવાર પીછો કરી પરેશાન કરતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે વ્યાજખોર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## સિડની, કેનબેરા, મેલબોર્ન, પર્થ, બ્રિસ્બેન, એડિલેડમાં BAPS સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના



**બી.એ.પી.એસ. એશિયા પેસિફિક દિન**

**- પ્રમુખ સ્વામી મહારાજે એશિયા પેસિફિક દેશોમાં ભારતીય સંસ્કૃતિના પડઘમ ગુંજાવ્યા, ૧૮ જેટલાં ઈઅડજમંદિરો દ્વારા થઈ રહ્યું છે. આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ અને સામાજિક સેવાકાર્યોનું ઉમદા કાર્ય.**
**- સિંગાપોર, થાઈલેન્ડ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયાથી લઈને એશિયા પેસિફિકના અનેકવિધ દેશોમાં ભવ્યતાથી ઉજવાયા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉત્સવો-વ્યસનમુક્તિ, પર્યાવરણ જાગૃતિ, આરોગ્યજાગૃતિના યોજાયા કાર્યક્રમો.**
**- જુલાઈ ૨૦૨૨માં પેસિફિક મહાસાગરમાં ગ્રેટ બેરીયર રીફ માં પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરવામાં આવી વિશિષ્ટ અંજલિ, સમસ્ત વિશ્વની સુખાકારી માટે કરવામાં આવી પ્રાર્થના.**
**- નવેમ્બર, ૨૦૨૨માં ઈન્ડોનેશિયામાં બાલી ખાતે યોજાયેલ છ૨૦ રિલિજિયસ ફોરમમાં BAPS ના મહામહોપાદ્યાય પૂ. ભદ્રેશદાસ સ્વામીએ સનાતન હિન્દુ ધર્મનું કર્યું હતું પ્રતિનિધિત્વ.**
**- એપ્રિલ, ૨૦૨૨ માં સિડનીમાં ઓપેરા હાઉસ ખાતે ૩૦૦૦ ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉત્સવ ઉજવાયો હતો.**
**- નવેમ્બર, ૨૦૨૨માં મેલબોર્નમાં માર્વેલ સ્ટેડિયમમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉત્સવમાં ૭૫૦૦ ભક્તો-ભાવિકો, ૩૨ સાંસદ સભ્યો અને ૨૧૨ જેટલી વિવિધ સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.**
**- પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ઉત્સવ નિમિત્તે સિડનીમાં ૬૦ સ્વયંસેવકો દ્વારા વિશ્વની સૌથી મોટી ૧૦૨૩ કિલોની, ચલલહયતત મહા અન્નકૂટ કેકનું નિર્માણ, ઓસ્ટ્રેલિયન બુક ઓફ રેકોર્ડ્સમાં દર્જ થયો રેકોર્ડ.**
**- પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરના આકારની કેક બનાવવામાં આવી હતી , કેક બનાવતી સમયે સ્વયંસેવકોએ ૨૫૩૫ વાર ૧૦૮ નામ ધરાવતી સહજાનંદ નામાવલિનો કર્યો હતો પાઠ.**
**- સપ્ટેમ્બર, ૨૦૨૨માં કેનબેરામાં ઓસ્ટ્રેલિયન પાર્લામેન્ટમાં પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પણ કરતો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો, BAPS ના ઓસ્ટ્રેલિયામાં ૧૦ કરતાં વધુ મંદિરો અને ૫૮ જેટલાં સત્સંગ કેન્દ્રો દ્વારા થઈ રહેલા સામાજિક સંવાદિતા, સેવા અને સંસ્કારપ્રસારના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું.**
**- પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી સિડનીમાં વિરાટ શિખરબદ્ધ BAPS સ્વામિનારાયણ હિન્દુ મંદિર નિર્માણાધીન.**

ઓગસ્ટ, ૨૦૨૨માં મેલબોર્નમાં પાલર્મિન્ટ ઓફ વિક્ટોરિયાની લાઈબ્રેરીમાં પ્રસ્થાનત્રયી (શ્રીમદ્ ભગવદ્ ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર) પર BAPS ના મહામહોપાધ્યાય પૂ. ભદ્રેશદાસ સ્વામીએ લખેલાં સ્વામિનારાયણ ભાષ્યો, પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે રચેલ સત્સંગદીક્ષા ગ્રંથ અને ડો. કલામ દ્વારા લખાયેલ પુસ્તક ટ્રાન્સેન્ડન્સ અર્પણ કરવામાં આવ્યા.

૧૨૦ બાળ બાલિકાઓએ સત્સંગદીક્ષા ગ્રંથના ૩૧૫ સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ કર્યો.

૫૯ બાળ-બાલિકાઓએ સંસ્કૃતમાં સ્વામિનારાયણ સિદ્ધાંતકારિકાઓનો ૫૬૫ સંસ્કૃત શ્લોકોનો મુખપાઠ કર્યો.

૧૨૮ બાળ-બાલિકાઓએ સ્વામિનારાયણ મહાપૂજાની તાલીમ પ્રાપ્ત કરી ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં ૧૫૦૦ કરતાં વધુ મહાપૂજા કરી.

આદરણીય જૈન ધર્મગુરૂ પરમ પૂજ્ય વિજય અભયસૂરીશ્વરજી મહારાજ દ્વારા સ્વર્ણિમ શાહીથી લખાયેલી હસ્તલિખિત શિક્ષાપત્રી પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજને અર્પણ કરવામાં આવી.

: આજનો સંધ્યા સભા કાર્યક્રમ :

સાંજે ૫ વાગ્યે ધૂન-પ્રાર્થના સાથે સંધ્યા સભાનો પ્રારંભ થયો હતો. સંવાદ, વિડિયો, નૃત્ય દ્વારા પ્રમુખસ્વામી મહારાજના એશિયા પેસિફિક દેશોમાં સંસ્કૃતિ પ્રસારના કાર્યને દર્શાવતી રોચક પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

અનેક સંતોએ આજની સભામાં પ્રમુખસ્વામી મહારાજને વાક-પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

BAPS ના પૂજ્ય ગુણચિંતન સ્વામીએ સમજણનો આયામ વિષયક વક્તવ્યમાં જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજે આપેલી સમજણથી શાંતિનો રાજમાર્ગ ખુલ્લો થઈ જાય છે. મૃત્યુ સામે હોય છતાં પણ બળની વાત કરનારા હરિભક્તો પ્રમુખસ્વામી એ તૈયાર કર્યા છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે 'સમજણ આપત્કાળે કળાય છે' અને પ્રમુખસ્વામી મહારાજે તેવા હરિભક્તોનું નિર્માણ કર્યું છે.

BAPS ના પૂજ્ય પ્રિયચિંતન સ્વામીએ સંસ્કારનો આયામ વિષયક વક્તવ્યમાં જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજે પ્રમાણિકતા, તપ, જ્ઞાન, નિયમધર્મ અને આજ્ઞાના સંસ્કારોનું સિંચન દેશ વિદેશના તમામ બાળકોમાં કર્યું છે. તમામ બાળ બાલિકાઓ અને સત્સંગીઓ નિયમ ધર્મમાં રહીને ગુરૂહરિનો રાજીપો પ્રાપ્ત કરી રહ્યા છે.

BAPSના પૂજ્ય આર્ષપુરૂષ સ્વામીએ સુહૃદભાવનો આયામ વિષયક વક્તવ્યમાં જણાવ્યું, ભગવાન સ્વામિનારાયણે કહ્યું હતું કે, 'જ્યાં સંપ અને સુહૃદયભાવ દયા અને મર્યાદા હોય ત્યાં પ્રભુ નિવાસ કરીને રહે છે. સમગ્ર ભક્ત સમુદાય એક પરિવારના ભાવ સાથે જીવી રહ્યા છે.

BAPS ના પૂજ્ય પરમચિંતન સ્વામીએ જણાવ્યું, સત્સંગ વ્યક્તિને વિવેક આપે છે, જીવન પરિવર્તન તરફ આગળ લઈ જાય છે, સત્સંગ ભગવતશ્રદ્ધા દૃઢાવે છે, સત્સંગ વ્યક્તિના જીવનમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રેરે છે અને અંતે મોક્ષ તરફ લઈ જાય છે. મહંતસ્વામી મહારાજે સત્સંગ દીક્ષા ગ્રંથમાં કહ્યું છે કે 'સઘળું સુફળ સત્સંગ કરવાથી પ્રાપ્ત થાય છે, માટે મુમુક્ષુઓએ સદાય સત્સંગ કરવો.' સત્સંગ કરવા માટે મંદિર ખૂબ જ જરૂરી છે અને પ્રમુખસ્વામી મહારાજે અનેક મંદિરોનું નિર્માણ દેશ વિદેશમાં કર્યું છે.

અનેક અગ્રણીઓએ પણ આજની સભામાં પ્રમુખસ્વામી મહારાજને વાક-પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આદરણીય જૈન ધર્મગુરૂ પરમ પૂજ્ય વિજય અભયસૂરીશ્વરજી મહારાજે ભગવાન સ્વામિનારાયણ લિખિત શિક્ષાપત્રી ગ્રંથના મહિમાનું ગાન કર્યું હતું અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સંસ્કૃતિ માટેના કરેલાં યુગકાર્યને બિરદાવ્યું હતું.

આદરણીય જૈન ધર્મગુરૂ પૂજ્ય આચાર્ય ચંદ્રજિતસૂરીજી મહારાજે જણાવ્યું, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ એ સદીનું સર્વશ્રેષ્ઠ આયોજન છે. શરીરનું જીવન સૂર્યને આભારી છે પરંતુ આત્માનું જીવન સંસ્કાર, સહિષ્ણુતા, સંયમ, આત્મીયતાને આભારી છે. ભારતીય પરંપરામાં સંતો જ સૂર્ય સમાન છે. હિન્દુ ધર્માચાર્યોમાં પ્રમુખસ્વામી મહારાજને 'સેઈન્ટ ઓફ સેંન્ચુરી (Saint of Century)' થી સન્માનવા જોઈએ તેવું હું દૃઢપણે માનું છું માટે આજે તેમને ભાવાંજલિ આપવા અમે સૌ પદયાત્રા કરીને આ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આવ્યા છીએ.' પ્રમુખસ્વામી મહારાજ માત્ર સંપ્રદાયના આચાર્ય નહોતા પરંતુ સમષ્ટિના ધર્માચાર્ય હતા. આ પ્રમુખસ્વામી મહારાજ નગરનાં દર્શન કરીને સમગ્ર ભારત વર્ષ સદાચારનું પાલન કરવાનું શરૂ કરશે તેવી મને આસ્થા છે.

: આજની સભામાં આમંત્રિત મહાનુભાવો :

- પૂજ્ય આચાર્ય ચંદ્રજિત સૂરીજી મહારાજ, જૈન ધર્મગુરૂ.
- પરમ પૂજ્ય વિજય અભયસૂરીશ્વરજી મહારાજ, જૈન ધર્મગુરૂ.
- શ્રી સ્વામી મુકુંદાનંદ, સ્થાપક - જેકે યોગ (જગદગુરૂ કૃપાલુજી યોગ).
- શ્રી રાજકુમાર રંજન સિંહ - કેન્દ્રીય રાજ્ય મંત્રી - ભારત સરકાર.
- માનનીય ડેવિડ પાઈન, ભારતમાં ન્યુઝીલેન્ડના હાઈ કમિશનર.
- માનનીય નાઓર ગિલોન, ભારતમાં ઈઝરાયેલના રાજદૂત.
- માન. બેરી ઓ'ફેરેલ AO, ભારતમાં ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર અને ભૂટાનમાં રાજદૂત.
- માનનીય ચાંગ જે-બોક, ભારતમાં કોરિયાના રાજદૂત.
- માનનીય જેસન વુડ MP, શેડો મિનિસ્ટર - ઓસ્ટ્રેલિયા સરકાર.
- માનનીય ડો. શંકર પ્રસાદ શર્મા, ભારતમાં નેપાળના રાજદૂત.
- માનનીય કેગ ઓંડાર્ચી - ભૂતપૂર્વ શેડો મંત્રી - વિક્ટોરિયા રાજ્ય સરકાર, ઓસ્ટ્રેલિયા.
- માનનીય શ્રી અસોકા મિલિન્દા મોરાગોડા - ભારતમાં શ્રીલંકાના હાઈ કમિશનર.
- માનનીય અર્દક કાકિમઝાનોવ - ભારતમાં કઝાકિસ્તાનના રાજદૂત.
- માનનીય શ્રી ગેનબોલ્ડ ડંબજાવ - ભારતમાં મંગોલિયાના રાજદૂત.
- ડો. અર્જુનસિંહ રાણા - વાઈસ ચાન્સેલર, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર.
- પ્રો. ડો. બિમલ પટેલ - વાઈસ ચાન્સેલર - રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી.

# આપની આજ.......

મેષ : વેપારીઓને સુખદ સમાચાર મળશે, જેનાથી તેમના વ્યવસાયમાં પ્રગતિ થશે. વ્યાવસાયિક મુસાફરી કરવામાં આવી રહી છે. બાળકના ભવિષ્યને સંબંધિત કોઈપણ માહિતી મેળવી શકાય છે.

વૃષભ : આજે વ્યવસાયમાં અચાનક પ્રગતિ લાભદાયી રહેશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. સંતાન તરફથી અપેક્ષિત સમાચાર પ્રાપ્ત થશે. તમારા માર્ગદર્શનથી લોકોને ફાયદો થશે.

મિથુન : જો તમે કોઈ કોર્ટની બાબતમાં સંકળાયેલા છો તો આજે પરિસ્થિતિ તમારા પક્ષમાં દેખાશે. કોઈ સાથીદારને કારણે તમને વિશ્વાસઘાતનો સામનો કરવો પડી શકે છે, તેથી તમારું કામ સાવધાનીપૂર્વક કરો.

કર્ક : તમારા જીવનસાથીની લાગણીઓ અને જરૂરિયાતોનું ધ્યાન રાખો, જેનાથી તમારા સંબંધો મજબૂત થશે. વિદ્યાર્થીઓને તેમના શિક્ષકોનો સહયોગ મળશે, જેથી તેઓ તેમના અધૂરા લક્ષ્યોને પૂર્ણ કરી શકે.

સિંહ : આજે તમારો મૂડ સવારથી જ સારો રહેશે. જો કે ભવિષ્યની યોજનાઓ હાથ ધરવા માટે નિષ્ણાતોની સલાહ જરૂરી રહેશે. વેપારમાં કોઈ મોટા નફાની શોધમાં દિવસભર દોડવા માટે તૈયાર રહેશો.

કન્યા : પરિવાર અને કાર્યસ્થળ પરની લાંબા સમયથી મૂંઝવણ સમાપ્ત થશે અને તમારા કામ સરળતાથી ચાલશે. જેના કારણે તમારું કામ વ્યવસાયમાં અટકી ગયું હતું તે અવરોધ આજે સમાપ્ત થશે અને રચનાત્મક કાર્યને વેગ મળશે.

તુલા : રાજકારણથી સંબંધિત વ્યક્તિઓને સમાજ સેવા કરવાની તક મળશે અને શાસનનો સહયોગ પણ મળશે. તમે તમારી કાર્યક્ષમતાથી સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરશો.

વૃશ્ચિક : પરિવાર અને રોજગારને યોગ્ય રીતે સંભાળવાનો પ્રયાસ કરો. બાળકોના લગ્નનો યોગ રહેશે. લવ લાઈફમાં એક નવો અધ્યાય ઉમેરાશે અને રોકાણ ફાયદાકારક રહેશે. દેવાથી રાહત મળશે અને ફંડમાં પણ વધારો થશે.

ધનુ : વિદ્યાર્થીઓએ ભવિષ્ય માટે વધુ જાગૃત થવાની જરૂર છે. કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે અને અચાનક નાણાકીય લાભ થવાની સંભાવના રહેશે.

મકર : વેપારમાં સ્પર્ધા વધશે અને તમારા કામમાં કેટલીક અડચણો આવી શકે છે. આજે અનેક કાર્યો એક સાથે આવવાના કારણે ભાગદોડની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથી તરફથી આર્થિક સહયોગ મળશે.

કુંભ : અધિકારીઓ તમને કાર્યક્ષેત્રમાં સહકાર આપતા જોવા મળશે, જેના કારણે તમારું કામ સમયસર પૂર્ણ થશે. આયોજીત કામો પૂર્ણ કરશો, આર્થિક સ્થિતિ ધીમે ધીમે સુધરશે.

મીન : આજે ઘરનું અને વ્યાવસાયિક વાતાવરણ ખૂબ જ અસ્તવ્યસ્ત બનશે. આ સાથે, ઘણા પ્રકારના વિવાદો અને મુશ્કેલીઓ તમારી સામે આવી શકે છે. રાજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે સમય શુભ છે, તેમનું સન્માન વધશે. કાર્યસ્થળમાં થોડો સમય પસાર કરીને તમારી કાર્ય કુશળતામાં સુધારો કરો, જે તમારી મુશ્કેલીઓ ઘટાડશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દે.બારીયાના પાંચીયાસાળ ગામે

# સ્ટેટ વીજીલન્સ દ્વારા ઈંગ્લીશ દારૂ ભરેલ ફોર વ્હીલમાં સવાર બુટલેગરો દ્વારા ૭ રાઉન્ડ ફાયરીંગ

### - પોલીસે સામે ૪ રાઉન્ડ ફાયરીંગ કર્યું.
### - બુટલેગરો વાહનો લઈને ફરાર.



દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પાંચીયાસાળ ગામનો ગતરોજ રાત્રીના સાડા દશેક વાગ્યાના આસપાસનો ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં સ્ટેટ વીજીલન્સીની ગાંધીનગરની ટીમને મળેલ બાતમીના આધારે પાંચીયાસળ ગામે નાકાબંધી દરમ્યાન બાતમીમાં દર્શાવેલ બે ફોર વ્હીલર ગાડીઓને રોકવાનો પ્રયાસ કરતાં અને આ ફોર વ્હીલર ગાડીઓમાં વિદેશી દારૂનો જથ્થો હોવાથી પોલીસે ગાડીઓને રોકવાનો પ્રયાસ કરતાં ગાડીમાં સવાર માથાભારે બુટલેગરોએ સ્ટેટ વીજીલન્સની ટીમ ઉપર ફાયરીંગ કરતાં સામા પક્ષેથી સ્ટેટ વીજીલન્સની ટીમે પોતાના સ્વબચાવમાં પણ ફાયરીંગ કર્યું હતું. ત્યારે બુટલેગરોએ ૦૭ રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. ત્યારે પોલીસે સ્વબચાવમાં ૦૪ રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. પોલીસ અને બુટલેગરોની સામસામેના આ ઘર્ષણમાં બુટલેગરોના અન્ય ૨૩ જેટલા સાગરીતોના ટોળાએ પોતાની સાથે બંદુકો તેમજ મારક હથિયારો સાથે ટોળુ ઘસી આવી સ્ટેટ વીજીલન્સની ટીમ ઉપર જીવલેણ હુમલો કરી મારી નાંખવાનો પ્રયાસ કર્યો હતો અને સ્ટેટ વીજીલન્સની ટીમની ગાડીઓને ટક્કર મારી તેમજ મારી નાંખવાની કોશિષ સાથે બુટલેગરો તેઓના વાહનો લઈ ફરાર થઈ ગયાં હતા. ત્યારે મધ્યરાત્રીના સર્ચ ઓપરેશનમાં પોલીસે કુલ ત્રણ ફોર વ્હીલર ગાડીઓ અને એક મોટરસાઈકલ કબજે કરી હતી. ઘટનાને પગલે જિલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે સ્થાનીક પોલીસથી લઈ જિલ્લાની તમામ પોલીસ પાંચીયાસાળ ગામે દોડી ગઈ હતી.

ગતરોજ રાત્રીના સાડા દશેક વાગ્યાના આસપાસ સ્ટેટ વીજીલન્સ, ગાંધીનગરની ટીમને મળેલ બાતમીના આધારે દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પાંચીયાસાળ ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ બે ફોર વ્હીલર ગાડીઓ પસાર થતાં પોલીસ સાબદી બની હતી ત્યારે બંન્ને ગાડીઓ નજીક આવતાંની સાથે પોલીસે બંન્ને ગાડીઓને ઉભી રાખી ગાડીમાં સવાર ચાલકોની પુછપરછ કરતા હતાં અને તેવામાં પોલીસની નજર ગાડીમાં પડતાં ગાડીમાં વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો જોવા મળતાં પોલીસે ગાડીમાંથી ચાલકોને બહાર નીકળવાનું કહેતાં ગાડીમાં સવાર ચાલક ભીખાભાઈ ભલજીભાઈ રાઠવા (રહે. મીઠીબોર, જિ. છોટાઉદેપુર) દ્વારા પોતાની પાસે રહેલ બાર બોરની બંદુકમાંથી સ્ટેટ વીજીલન્સની ટીમ ઉપર અચાનક ફાયરીંગ કર્યું હતું અને અચાનક પાછળથી અન્ય પાંચથી છ ફોર વ્હીલરો આવી પહોંચી હતી અને તેમાં ૨૪ જેટલા ઈસમોના ટોળા જેઓની પાસે મારક હથિયારો જેવા કે, બંદુક, ધારીયા, તલવાર, લોખંડની પાઈપો, લાકડીઓ વિગેરે સાથે ટોળુ સ્ટેટ વીજીલન્સની ટીમ તરફ ઘસી આવ્યું હતું અને અચાનક સ્ટેટ વીજીલન્સની ટીમ ઉપર જીવલેણ, મારી નાંખવાને ઈરાદે હુમલો કરતાં સ્ટેટ વીજીલન્સની ટીમ પોતાના સ્વ બચાવમાં પોતાની પાસે રહેલ સર્વિલ રિવોલ્વરમાંથી પણ ફાયરીંગ કર્યુ હતું ત્યારે પોલીસની પ્રતિક્રિયા જોઈ ભીખાભાઈએ પોતાની પાસે રહેલ બાર બોરની બંદુકમાંથી ફરીવાર પોલીસ પર ફાયરીંગ કર્યું હતું. ભીખાભાઈએ પોલીસ પર ૦૭ રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું અને પોલીસે સ્વ બચાવમાં ૦૪ કાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. ત્યારે ઉપરોક્ત ઈસમોના ટોળાએ ભાગતા ભાગતા પોતાની ફોર વ્હીલર ગાડીઓથી સ્ટેટ વીજીલન્સની ટીમની ગાડીઓને ટક્કર મારી પોલીસને મારી નાંખવાને ઈરાદે હુમલો કરી ભાગી છુટ્યાં હતાં. પોલીસે તાત્કાલિક ધોરણે સ્થાનીક પોલીસથી લઈ જિલ્લા પોલીસને સંપર્ક કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. મધ્યરાત્રીના સર્ચ ઓપરેશનમાં પોલીસે ત્રણ ફોર વ્હીલર ગાડીઓ તેમજ એક મોટરસાઈકલ કબજે કરી હતી.

સમગ્ર મામલે સ્ટેટ વીજીલન્સ ટીમના પોલીસ ઈસ્પેક્ટર આર.એસ.પટેલ દ્વારા સ્થાનીક પોલીસ મથકે ૨૩ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવી હતી. ઘટનાને પગલે જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો ત્યારે આ ઘટનાને પગલે સ્થાનીક પોલીસ સહિત જિલ્લાની પોલીસ પર પણ અનેક સવાલો ઉઠવા પામ્યાં છે. સ્ટેટ વીજીલન્સ ગાંધીનગરની ટીમ ઉપર બુટલેગરો દ્વારા હુમલાને પગલે આવનાર દિવસોમાં સ્ટેટ વીજીલન્સ ગાંધીનગરની ટીમ દ્વારા દાહોદ જિલ્લામાં બુટલેગરો પર લગામ કસી કડક કાર્યવાહી કરશે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય.

### જપ્ત કરેલી ગાડીમાંથી ભાજપના ખેસ મળ્યા...

પોલીસ પર આ હુમલાની ઘટનામાં હત્યાનો પ્રયાસ, આર્મ્સ એક્ટ, સરકારી કામમાં રૂકાવટ અને પરોહીબીશનની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ હુમલાના પોલીસ વાહનને નુકસાન પહોંચ્યુ છે, તેમજ ૨૦થી વધુ લોકોએ હુમલો કર્યો હોવાનુ પોલીસ જણાવી રહી છે ત્યારે પોલીસે બુટલેગરોની જે ગાડી જપ્ત કરી છે. તેમા ભાજપના ખેસ લગાડેલા મળી આવ્યા છે. ત્યારે પોલીસ પર ધોંસ જમાવવા ભાજપના ખેસ લગાવવામા આવ્યા છે કે, કોઈ અન્ય કારણ છે તે વિશે વિવિધ પ્રકારની ચર્ચાઓ થઈ રહી છે.

### હુમલો કરીને બૂટલેગર ફરાર થઈ જવામાં સફળ રહ્યો

આ દરમિયાન બૂટલેગર ભીખા રાઠવા ફોર-વ્હીલર લઈને આવતાં પોલીસે તેને રોકવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેણે ગાડી રોકવાને બદલે પોલીસ તરફ ગાડી કરી ફાયરિંગ કર્યું હતું. તેણે આડેધડ સાત-આઠ રાઉન્ડ ગોળીબાર કર્યો હોવાની પ્રાથમિક તબક્કે માહિતી મળી છે. ત્યારે પોલીસે પણ તેની સામે ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનામા કોઈને ઈજા થવાના અહેવાલ હાલ નથી, પરંતુ વાહનોને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યુ છે. ત્યારે સૌથી ગંભીર બાબત એ છે કે હુમલો કરીને બૂટલેગર ફરાર થઈ જવામાં સફળ રહ્યો છે. હાલ સાગટાળા પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### બાતમીના આધારે વોચ ગોઠવી હતી

ગાંધીના ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂ વેચાઈ રહ્યું છે. રાજયમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં મોટા પ્રમાણમાં દારૂ રાજયમાં ઘુસાડવામાં આવે છે. ત્યારે પોલીસને બાતમી મળી હતી કે છોટાઉદેપુરનો બૂટલેગર ભીખા રાઠવા વિદેશી દારૂનો જથ્થો લઈને ધાનપુરના પાંચિયાસાળ ગામેથી પસાર થવાનો છે. જેથી બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા મધરાત્રે જ વોચ ગોઠવી દેવામા આવી હતી.

# દાહોદમાં તગડા વ્યાજે નાણાં ધીરનાર બમણી વસુલી બાદ નાણાં માટે મારી નાખવાની ધમકી આપતાં ૪ વ્યાજખોરો સામે ફરિયાદ

દાહોદ,

દાહોદમાં તગડા વ્યાજે નાણાંધીરી પઠાણી ઉઘરાણી કરી મુદ્દલ કરતા બમણું વસુલી લીધા બાદ પણ નાણાં માટે મારી નાંખવાની ધાકધમકી આપનાર ચાર વ્યાજખોરો સામે પોલીસમાં ફરિયાદ થયાનું જાણવા મળતા આ રીતે તગડા વ્યાજે નાણા ધીરનાર શાહુકારોમાં ફફડાટ ફેલાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ પરેલ એકાઉન્ટ કોલોનીના કવાટર નંબર ૧૫૭૩/એ માં રહેતા નિરમાબેન સુનીલભાઈ રમેશભાઈ ભુરીયાએ મકાન બનાવવા માટે જમીન લેનવા સારૂ દાહોદ ગોધરા રોડ પ્રેમ નગરમાં રહેતા વિરલ ચંદ્રવદન કંથારીયા પાસેથી ૧૦ ટકા વ્યાજના રૂપિયા ૨,૫૦,૦૦ તા. ૧૦-૫-૨૦૨૮ના રોજ લીધા હતા અને યુકો બેન્કના ત્રણ બ્લેન્ડ ચેક સુનીલભાઈની સહીવાળા કિમતીમીનગીરી માટે મેળવી અને માસિક રૂા. ૨૫૦૦૦ વ્યેજ પેટેલ ૧૫ મહિના સુધી કુલ રૂા. ૩,૭૫,૦૦૦ભરી દીધા બળજબરીથી કઢાવી લીધા હોવા છતાં નિરમાબેન ભુરીયા તથા તેમના ઘરના સભ્યોને વિશ્વાસમાં લઈ તેઓના ચેકોમાં ખોટી રકમ લખી ચેક બાઉન્સ કરાવડાવી વ્યાજના રૂપિયા બાકી છે. તેમ કહી વ્યાજના વધુ રૂપિયા વસુલી લેવા માટે નિરમાબેનને વ્યાજખોર વિરલ ચંદ્રવદન કંથારીયા તથા હિરલ ઉર્ફે ભુરીયો ચંદ્રવર્ધન કંથારીયાએ ગાળો આપી માર મારવાની ધમકીઓ આપી બ્લેન્ક ચેક લઈ ખોટી રકમ ભરી ખોટી રકમવાળો ચેક બેન્કમાં રજુ કરી ચેક બાઉન્સ કરાવડાવવા છેતરપીંડી કરી છે.

આ મામલે નિરમાબેન સુનીલભાઈ ભુરીયાએ દાહોદ બી. ડીવીઝન પોલીસ સ્ટેશને નોંધાવેલ ફરિયાદને આધારે પોલીસે દાહોદ ગોધરા રોડ પ્રેમનગરમાં રહેતા વિરલ ચંદ્રવદન કંથારીયા તથા તેના ભાઈ હિરલ ઉર્ફે ભુરીયો ચંદ્રવર્ધન કંથારીયા વિરૂધ્ધ ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૩૮૪, ૫૦૪, ૫૦૬, ૧૧૪ તથા ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૪૦, ૪૨(એ) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી તે બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

જયારે વ્યાજખોરીના બીજા બનાવમાં દાહોદ, પોલીસ લાઈન રોડની બાજુમાં સીંધી સોસાયટીમાં રહેતા ૪૬ વર્ષીય મમતાબેન હીરાલાલ ગુલાબરાય મનસુખાની(સિંધી)ના પતિએ તા. ૧૫-૬-૨૦૧૭ના રોજ દાહોદ અભિલાયા હોટલ પાસે ગારખાયા ખાતે રહેતા અજયભાઈ બાબુભાઈ ભોઈ પાસેથી ૫ ટકાના વ્યાજે રૂપિયા ૫ લાખ લીધા હતા અને દાહોદ, ગોધરારોડ, સિધ્ધેશ્વરી સોસાયટીમાં રહેતા કિરણ ઉર્ફે લાલો જગદીશચંદ્ર પંચાલ પાસેથી તા. ૧૬-૩-૨૦૧૮ના રોજ ૫ ટકાના વ્યાજે રૂપિયા ૧૫ લાખ લીધા હતા. જે વ્યાજ સહીતના નાણા આપી દીધેલ હોવા છતાં મમતાબેન સીંધીના પતિ હીરાલાલ ગુલાબરાય મનસુખાની પાસેથી વધારે પૈસા કઢાવવા ગાળો આપી મારમારવાની ધમકીઓ આપી રહ્યા છે.

આ સંબંધે મમતાબેન હિરાલાલ મનસુખાનીએ ઉપરોક્ત કેફીયત ભરી ફરિયાદ દાહોદ એ ડીવીઝન પોલીસ સ્ટેશને નોંધાવતા પોલીસે આ સંદર્ભે દાહોદ ગારખાયાના અજયભાઈ બાબુભાઈ ભોઈ તથા સિદ્ધેશ્વરી સોસાયટી ગોધરા રોડના કિરણ ઉર્ફે લાલો જગદીશચંદ્ર પંચાલ વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૮૪, ૫૦૪, ૫૦૬, ૧૧૪ તથા ગુજરાત નાણાની ધીરધાર કરનાર બાબત અધિનિયમ કલમ ૪૦,૪૨(બ) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી બંનેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# દે.બારીયા શહેરના મધ્યનું વિકટરી સર્કલનું રી-કન્સ્ટ્રકશન સાથે નવિન કાર્ય સતત જારી


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેર રાજવી સમયમાં શહેરની ભૌગોલિકને ધ્યાને લઈને શહેરની રચના કરાઈ છે. જેમાં સર્કલ બજારનું રાઉન્ડમાં ચારે દિશામાં જવાના માર્ગ છે. બે માર્ગમાંના રાઉન્ડમાં જે રાજવી સમયમાં બાંધકાર્ય છે. તેમાં ચાર દિવસ બે માર્ગોના પાંચ મકાનોની ડબલ માળમાં બાંધકાર્ય સુંદરતા સાથે કરાયો છે. વિકટરી સર્કલમાં રાજવી પરીવારના રાજા રણજીતસિંહના પિતાનો સ્ટેચ્યુ મુકાયો છે. તે વિકટરી સર્કલના નામે પ્રખ્યાત છે. હાલમાં નગર પાલિકાના દ્વારા તે ઐતિહાસીક સર્કલનું રી-કન્સ્ટ્રકટનું કાર્ય યુધ્ધના ધોરણે થઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા નગર પાલિકામાં હાલ ભાજપ શાસીત બોડી છે. તેનો સમય ફક્ત બે માસ બાકી રહેલો છે. જેથી વિકાસની ગ્રાન્ટનો સદ્દઉપયોગમાં વપરાય તેવી નગરજનોની માંગ છે. માર્ચ-૨૦૨૩માં નવિન બોડીની રચના થશે. નગર પાલિકાની સામાન્ય ચુંટણી નિશ્ચિત સમયમાં થશે તો વિકટરી સર્કલના ચોફેર રાઉન્ડમાં સ્ટેટ સમયના બિડની ધાતુના ઍંગાલ હતી. તેના સ્થાને હવે રાજસ્થાનની ગુલાબી સ્ટોન નકસી કરેલા સ્થંભ સાથે બ્લોક રાઉન્ડમાં ફીટ કરાતા રાજસ્થાની કારીગરો જોવા મળી રહ્યા છે. જેનું નવિન કાર્ય ગણતંત્ર પર્વ એટલે ૨૬મી જાન્યુઆરી પહેલ પૂર્ણ થવા પામશે. તો ગણતંત્ર પર્વના સમયે તેનું લોકાર્પણ થવાની શકયતા છે. આ ગુલાબી સ્થંભ અને બ્લોકથી શહેરની સુંદરતાનો વધારો જોવા મળશે. તેવું આમ, જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

# સાંસદ ખેલ સ્પર્ધાના આયોજન બાબતે સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે સાંસદ ખેલ સ્પર્ધાના આયોજન માટે સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ હતી. આ સ્પર્ધાનું જિલ્લાની ૬ સહિત સંતરામપુર વિધાનસભા બેઠક ખાતે આયોજન કરાયું છે. સાંસદ ખેલ સ્પર્ધા આગામી તા. ૨૧, ૨૨ અને ૨૩ જાન્યુઆરીના રોજ યોજાશે. સ્પર્ધામાં વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે એ માટે સાંસદએ જણાવ્યું હતું. આ રમતો દાહોદનાં એકલવ્ય સ્કુલ ખરેડી, ગરબાડાના પાંડુરંગ ઉત્તર બુનીયાદી શાળા, અભલોડ, ફતેપુરાના આઇ.કે. દેસાઇ હાઇસ્કુલ, દેવગઢ બારીયા રમત ગમત સંકુલ, જીએલ હાઇસ્કુલ સીંગવડ, એસઆરપી ગ્રુપ મેદાન પાવડી, ઝાલોદ, એસપી હાઇસ્કુલ સંતરામપુર ખાતે યોજાશે. જેમાં ત્રણ દિવસમાં વિવિધ રમતો જેવી કે એથ્લેટિક્સ, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ક્રિકેટ ભાઇઓ, રસ્સા ખેંચની રમતો યોજાશે.

આ રમતોમાં વિજેતા ખેલાડીઓ ત્યાર બાદ જિલ્લા કક્ષાની રમતોમાં ભાગ લેશે. જિલ્લા કક્ષાની રમતો દેવગઢ બારીયાના રમત ગમત સંકુલ ખાતે તા. ૨૪ અને તા. ૨૫ જાન્યુઆરીએ યોજાશે. જેમાં કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, રસ્સાખેંચ, આર્ચરી, ક્રિકેટ, હોકી, સ્વિમિંગ, જુડો, કરાટે, કુસ્તી સહિતની રમતોનો સમાવેશ કરાયો છે. આ રમતોમાં ૧૬ વર્ષથી ઉપરના ખેલાડી ભાઇ બહેનો ભાગ લઇ શકશે. વિધાનસભા કક્ષાની તેમજ જિલ્લા કક્ષાની રમતોના વિજેતા ખેલાડીઓને ટ્રોફી તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે. બેઠકમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, લીમખેડા પ્રાંત અધિકારી રાજ સુથાર, એઅસપી જગદીશ બાંગરવા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# પંચમહાલ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પંચમહાલ જિલ્લામાં નેશનલ રોડ સેફ્ટી સપ્તાહનો કરાયો પ્રારંભ




ગોધરા,

રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ ૨૦૨૩ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તા.૧૧ જાન્યુઆરીથી તા.૧૭ જાન્યુઆરી દરમિયાન આર.ટી.ઓ અને પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે રોડ સેફટી સપ્તાહ અંતર્ગત વિવિધ જન-જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જેનું આજ રોજ જિલ્લા કલેકટર સુજલ મયાત્રા અને પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ગોધરા ખાતેથી ઉદ્દઘાટન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય થકી કરાઈ હતી.

આ પ્રસંગે પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, જિલ્લામાં ઓછામાં ઓછા માર્ગ અકસ્માત થાય તેના માટે સક્રિય પ્રયાસો આપણે સૌકોઈએ સાથે મળીને કરવાના છે. લોકોને ટ્રાફિકની સેન્સ આવે તથા રોડ સેફટીના નિયમો અંગે લોકો જાગૃત થાય તેવા પ્રયાસો હાથ ધરાશે.

આ પ્રસંગે આર.ટી.ઓ અધિકારી ચાવડાએ નેશનલ રોડ સેફટી કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિતોને જાણકારી પૂરી પાડી હતી તથા પંચમહાલ જિલ્લામાં જન જાગૃતિ અભિયાન અંતર્ગત માહિતી રજૂ કરી હતી.

આ પ્રસંગે પોલીસ અધિકારીઓ,ટ્રાફિક જવાનો, આર.ટી.ઓ અધિકારી/કર્મચારીઓ, વિવિધ વિભાગના વડાઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદમાં ૩૩મો માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ RTO ઓફિસના પટાંગણમાં ૩૩માં માર્ગ સલામતી સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

દાહોદ ARTO ઓફિસ ખાતે આજે ૩૩માં માર્ગ સલામતી સપ્તાહની દીપ પ્રાગટ્ય કરી દાહોદ ARTO અને ટ્રાફિક પોલીસ દ્વારા ભવ્ય ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે મંચ ઉપર દાહોદ ASP જદગીશ બાંગરવા, ARTO સી. ડી પટેલ, વી.એમ. પરમાર, ડી.એમ. ભટ્ટ કાર્યપાલક ઈજનેર અને DEO કાજલબેન દવે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડી.ઈ. ઓ કાજલ દવે એ જણાવ્યું હતું કે, ટ્રાફિક અને ડ્રાઈવિંગ રિલેટેડ કે પ્રાથમિક જ્ઞાન છે. તે વિદ્યાર્થીઓને સ્કૂલ માંથી મળે તેવું પ્રવધાન સરકાર દ્વારા કોઈ જોગવાઈ થાય તોય વધુ લાભદાયી નીવડે. ત્યારબાદ દાહોદ RTO ઓફિસ થી દાહોદ ARTO સી. ડી. પટેલ અને ASP જગદીશ બાંગરવાએ રેલીને લીલી ઝંડી બતાવી અને રવાના કરી હતી. આ રેલીમાં ટ્રાફિક બ્રિગેડ, RTO સ્ટાફ તેમજ શહેરની જનતાના લોકો જોડાયા હતા.

આ રેલી દાહોદ RTO ઓફિસ થી સરદાર ચોક, ગાંધી ચોક, માણેક ચોક ભગીની સર્કલ થી વિવેકાનંદ સર્કલ થી ગોદી રોડ અને ચાકલિયા રોડ ગોવિંદનગર થી જૂના ઈન્દોર રોડ થી પરત RTO ઓફિસ એ પહોંચ્યા હતા અને રેલીનું સમાપન થયું હતું.

# દાહોદ વાયા ઈન્દૌર-ધાર બ્રોડગેજ લાઈનનુ કામ પુર્ણતાના આરે

દાહોદ,

ગત તા.૬ના રોજ અમદાવાદ ખાતે રેલ્વે જનરલ મેનેજર અને ડી.આર.એમ.વડોદરા સાથે ગુજરાત રાજ્યના લોકસભા તથા રાજ્યસભા સાંસદોની રેલ્વેના પડતર પ્રશ્નો અંગે ચર્ચા થઈ હતી. જેમાં છોટાઉદેપુર, વડોદરા, નર્મદા, ભરૂચ અને પંચમહાલ જિલ્લાના રેલ્વેના મુદ્દાઓ ઉપર ચર્ચાઓ થઈ હતી. જેમાં રાજ્યસભાના સાંસદ અને છોટાઉદેપુરના સાંસદે વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી. જેમમાં દાહોદ-ઈન્દૌર વાયા ધાર બ્રોડગેજ લાઈનનુ કામ ૨૦૨૩માં પુર્ણ થવાની શક્યતાઓ રહેલી છે. વડોદરા, ડભોઈ, છોટાઉદેપુર, અલીરાજપુર, ધાર બ્રોડગેજ લાઈનનુ કામ સંપુર્ણપણે ૨૦૨૭માં પુર્ણ થવાની સંભાવનાઓ છે. અંકલેશ્વર-રાજપીપળા બંધ થયેલી પેસેન્જર ટ્રેનને રાજપીપળાથી વાયા અંકલેશ્વર, સુરત થઈ ભુસાવલ સુધી લંબાવી પર્યટકોને સ્ટેચ્યુ ઓફ યુનિટીનો લાભ આપવા ખાતરી આપી હતી. જયારે ડભોઈ, બોડેલી, છોટાઉદેપુર, અલીરાજપુર અને રાજપીપળા રેલ્વે સ્ટેશનો ઉપર પેસેન્જરોને ટિકીટ બુકિંગની સુવિધા આપવા પણ ખાતરી આપી હતી. ડભોઈ તાલુકાના પલાસવાડા અને બોડેલી તાલુકાના ઢોકલીયા ફાટક ઉપર ઓવરબ્રિજ બનાવવાની પણ તૈયારી ચાલી રહી હોવાનુ જણાવ્યુ હતુ. તથા આ રૂટ પર ગુડ્ઝ શેડ બનાવવાની ચર્ચા કરાઈ હતી. ઉપરાંત વડોદરા અઅને છોટાઉદેપુર જિલ્લાના રેલ્વે સ્ટેશનોને હેરિટેજ બિલ્ડિંગ બનાવવા ખાતરી આપી હતી.

# દે.બારીઆના મોટીઝરી ગામે સિંચાઈ પાઈપલાઈનમાં હલકી ગુણવત્તાને લઈ પાઈપ તુટી જતા હજારો લીટર પાણી ખેતરોમાં ફરી વળ્યુ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના અમુક નકકી કરાયેલા તળાવોમાં પાઈપલાઈન મારફતે પાણી છોડીને ખેડુતોના ખેતરમાં સિંચાઈ માટે પાણી આપવાની સરકારની નેમ સારી છે. પણ આ કામગીરી કરનાર ખાનગી એજન્સીના મનસ્વી વહીવટના કારણે કામગીરી તટસ્થ રીતે કરવામાં આવતી નથી.

દે.બારીઆ તાલુકાના મોટીઝરી ગામના તળાવમાં ઉદ્વહન સિંચાઈ યોજનાનુ પાણી ખાલી કરવા માટે પાઈપલાઈનની કામગીરી કરાઈ છે. પણ આ કામગીરીમાં કયાંક કયાંક પાઈપો વચ્ચેના સાંધા પુરવાની કામગીરી રહી જતા અથવા હલકી ગુણવત્તાની પાઈપ હોવાના કારણે આજે પાણી શરૂ થતાં લાખો લીટર પાણી તળાવ નીચેના ખેતરોમાં વહી ગયુ હતુ. સવારમાં તળાવ પાસેથી પસાર થતાં તળાવની પાળ તુટી ગઈ હશે અને એમાંથી પાણી નીકળી રહ્યુ હોવાનો ભ્રમ થયો હતો પરંતુ પછીથી ખ્યાલ આવ્યો હતો કે, આ પાણી તુટી ગયેલ પાઈપલાઈનમાંથી બહાર આવી રહ્યુ છે. સિંચાઈ યોજનાનુ હજારો લીટર પાણી આજે ખેડુતોના ખેતરમાં બિનજરૂરી વહી ગયુ હતુ. જવાબદાર તંત્ર દ્વારા સિંચાઈ યોજનાની વેઠ ઉતાર પાઈપલાઈનની કામગીરી જવાબદારી પુર્વક તટસ્થ રીતે કરી પછી પાણી તળાવોમાં ખાલી કરાય તેવી ખેડુતોની રાવ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.121

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા સિવિલ હોસ્પિટલમાં સ્ત્રી રોગ નિષ્ણાંત અને કાન-ગળા, રેડીયોલોજીસ્ટ તબીબ ન હોવાથી દર્દીઓને ભારે હાલાકી









ગોધરા,

પંચમહાલ જિલ્લાની મુખ્ય અને પંચમહાલ દાહોદ મહીસાગર જિલ્લાની સૌથી મોટી ગોધરા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક થી સ્ત્રી રોગ નિષ્ણાત, કાનના ગળા અને રેડિયોલોજિસ્ટ તબીબ નહીં હોવાના કારણે દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. જેથી ના છૂટકે દર્દીઓને નાણા ખર્ચી ખાનગી દવાખાનાનો સહારો લેવો પડી રહ્યો છે. અહીં આવતા દર્દીઓને હોસ્પિટલમાં તબીબો ઉપસ્થિત નહીં હોવાથી વડોદરા રિફર કરવામાં આવતા હોય છે. જેથી દર્દીઓ વડોદરા જવાનું ટાળી દર્દીઓ ગોધરા ખાતે જ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ પોતાની જરૂરિયાત પૂરી કરતાં જોવા મળી રહ્યા છે .ત્યારે ગોધરા સિવિલ હોસ્પિટલમાં કાયમી ધોરણે આ તબીબોની નિમણૂક કરવામાં આવે એવી લોક માંગ ઉઠી છે.

રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તાર સહિતના જરૂરિયાતમંદ દર્દીઓને ઘર આંગણે જ આરોગ્ય લક્ષી સેવા મફતમાં પૂરી પાડવા માટે ની વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવી રહી છે, સાથે જ કેટલીક ખાનગી હોસ્પિટલોની સારવાર માટે આયુષ્યમાન ભારત કાર્ડ જેવી યોજના પણ અમલમાં મુકવામાં આવી છે. પરંતુ સરકારની કેટલીક કહેવાતી મોટી હોસ્પિટલમાં જ રોજીંદી જરૂરિયાતના તબીબો હોવા જોઈએ જે ઉપલબ્ધ નહીં થવાથી દર્દીઓને જરૂરિયાત સમયે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે આવું જ કંઈક પંચમહાલ જિલ્લા અને મુખ્ય કહેવાતી ગોધરા સિવિલ હોસ્પિટલમાં જોવા મળી રહી છે. ગોધરા સિવિલ હોસ્પિટલની વાત કરવામાં આવે તો અહીં મહીસાગર અને દાહોદ જિલ્લામાંથી પણ દર્દીઓને વધુ સારવાર માટે રિફર કરવામાં આવતા હોય છે, સાથે જ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્ત્રીઓ પ્રસુતિ માટે તેમજ અન્ય બીમારીઓને લઈ ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતી હોય છે. પરંતુ ગોધરા સિવિલ હોસ્પિટલની હાલની સ્થિતિની જો વાત કરવામાં આવે તો અહીં સ્ત્રી રોગ નિષ્ણાત તબીબ ની બદલી થઈ જતાં હાલ બે માસથી કાયમી ધોરણે સ્ત્રી રોગ નિષ્ણાત તબીબ, કાનના-ગળાના તબીબ અને લાંબા સમયથી રેડિયોલોજિસ્ટ ની જગ્યા ખાલી જોવા મળી રહી છે. કાયમી ધોરણે આ તબીબોની નિમણૂંક નહીં હોવાથી જરૂરિયાત સમયે કેટલાક દર્દીઓને ધરમ ધક્કા ખાય ના છૂટકે નાણાં ખર્ચી ખાનગી હોસ્પિટલમાં જવું પડી રહ્યું છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવેલા દર્દીઓ અને ગોધરાના જનપ્રતિનિધિઓના જણાવ્યા મુજબ અહીં હાલ જે દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. તેઓને એક્સરે સહિતની સુવિધા માટે બહાર જવું પડતું હોય છે સાથે જ અહીં સીટી સ્કેન માટેની જે સુવિધા હતી. તે મશીન પણ હાલ ધૂળ ખાવાની સ્થિતિમાં હોવાથી દર્દીઓને ન છૂટકે ખાનગી હોસ્પિટલ નો સહારો લેવો પડી રહ્યા છે. સીટી સ્કેન મશીન ખંડેર હાલતમાં બનતા જે તે સમયે રાજ્યના તત્કાલીન આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારને રજૂઆત કરાઈ હતી ત્યારે પણ સિવિલ હોસ્પિટલમાં આ સુવિધા ઉપલબ્ધ બનાવવાની ખાતરી આપવામાં આવી હતી પરંતુ જે હાલ સુધી માત્ર ઠાલા વચનો સમી જ જોવા મળી રહી છે. જેથી વહેલી તકે ગોધરા સિવિલ હોસ્પિટલમાં સ્ત્રીરોગ નિષ્ણાત તબીબ, કાનના ગળાના તબીબ અને રેડિયોલોજિસ્ટની કાયમી નિમણૂંકની માંગણી કરવામાં આવી રહી છે. સાથે જ ગોધરા સીવિલ હોસ્પિટલમાં કાયમી જનરલ સર્જન અને આરએમઓની પણ નિમણૂંક કરવામાં આવે એવી માંગણી હાલ જન પ્રતિનિધિઓના માધ્યમથી જિલ્લાની જનતામાં ઉઠી છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે માસ ઉપરાંત સ્ત્રી રોગ નિષ્ણાત તબીબની અન્યત્ર જગ્યાએ ટ્રાન્સફર થઈ જતાં હાલ જગ્યા ખાલી છે, પરંતુ જેની સામે હાલ સપ્તાહમાં ત્રણ દિવસ હંગામી ધોરણે સ્ત્રી રોગ નિષ્ણાત તબીબ સેવા આપી રહ્યા છે. કાનના ગળાના તબીબની પણ ટ્રાન્સફર થઈ જતાં તેઓની જગ્યા હાલ ખાલી છે અને સીટી સ્કેન સેવા હાલ બંધ છે. આ તમામ અંગે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે અને સાથે જ વહેલી તકે આ સેવાઓ દર્દીઓને મળી રહેશે એમ હાલ તો સિવિલના સત્તાધીશો જણાવતાં ઉમેરી રહ્યા છે કે એક્સ-રે ની સુવિધા અંગે અમને કોઈ ફરિયાદ મળી નથી. જોકે, બીજી તરફ ખુદ દર્દીઓ જ પોતે બહાર એક્સ રે કરાવવા જતા હોવાના નિવેદનો પણ સામે આવી રહ્યા છે.

## ગોધરાના પશ્ચિમ વિસ્તારમાં ફાર્મહાઉસની જમીનમાં પ્લોટીંગ કરી વેચાણ કરનાર સામે તંત્ર કાર્યવાહી કરશે ખરી ?

પંચમહાલ સમાચાર ગોધરા,

ગોધરા કસ્બાના રે.સ.નં.૬૩૩/૨ તથા ૬૩૬/૨ પૈકી-૨ અને પૈકી-૧ બન્ને નંબરોમાં એક જ પ્રકારના એન.એ. હુકમો લેન્ડ રેવન્યુ કાયદા પ્રમાણે શરતોના અધિનિયમ આદેશો અનુમાં હુકમો થયેલા છે. તેમ છતાં અસામાજીક તત્વો દ્વારા જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓના હુકમોને નેવે મૂકી ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. પરંતુ કોઈપણ વિભાગ દ્વારા તબદીલી કરતા પહેલા એન.એ.નો હુકમો તેમજ નકશા સહિતના કાગળો રજુ કરી આગળની કાર્યવાહી જે તે વિભાગો દ્વારા થાય છે અને (એન.એ.)ની કોઈપણ પ્રકારની શરતો અધિનિયમ હેઠળ નોંધો નામંજુર- મંજુર થાય છે. પરંતુ ગોધરા કસ્બાના રે.સ.નં. ૬૩૩/૨ તથા ૬૩૬/૨ પૈકી-૨ પૈકી-૧ નોંધ કયા પ્રકારની શરતભંગ થયેલની વિગતોની ચકાસણી ગોધરા કસ્બા તલાટી (શહેર) તથા સર્કલ ઓફિસર ગોધરા દ્વારા કોઈપણ ચકાસણી કર્યા વગર મહેસુલ વિભાગ ગુજરાત સરકાર તથા જીલ્લા કલેકટરની શરતો કોઈપણ જાતની ચકાસણી કર્યા વગર લાંચરૂશ્વતો લઈ સીટી સર્વેમાં તબદીલી કરી મહેસુલ વિભાગ ગુજરાત સરકારના આદેશોનું ઉલ્લંઘન કરી તથા શરતોના અધિનિયમનું સરેઆમ અનાદાર કરેલ છે.

વધુમાં ગોધરા સીટી ઓફિસર વિભાગ દ્વારા એન.એ.ના હુકમો નકશા તથા આધાર સહિતના તેમ સોગંદનામાના આધારે નોંધો મંજુર, નામંજુર થાય છે. જેમાં સીટી સર્વે વિભાગ કચેરી દ્વારા આ સર્વે નં.૬૩૩/૨ તથા ૬૩૬/૨ પૈકી-૨, પૈકી-૧વાળી મિલ્કતોમાં જીલ્લા કલેકટર એન.એ.ના હુકમો તથા નકશા જોયા વગર નોંધો મંજુર કરી ગેરરીતિઓ સરકારી બાબુઓએ આચરેલ છે. જે તપાસ વિષય બાબત સર્કલ ઓફિસરે ગેરરીતિઓમાં મોટામાં મોટો હાથ હોય જેથી જીલ્લા કલકેટરના હુકમોના શરતોના અધિનિયમો વિરૂદ્ધ અધુરી કાર્યવાહી કરેલ છે.

વધુમાં ૬૩૬/૨ પૈકી-૨, પૈકી-૧ વાળી જમીન (ગ્રીનઝોન)ના નિયંત્રણો લાગેલા છે. તેમજ તેમાં બાંધકામ ચાલુ હોય તેવું વાયુ વેગ છે. આમ, આ જમીનો ઉપર બાંધકામ કરતા પહેલા સરકારશ્રી પરિપત્રોના આધારે પરમીશન આપવામાં આવે છે. તેમ નગર પાલિકા દ્વારા એન.એ. ના હુકમો નકશા ગામ નમુના નંબર-૬/૭ અને ૧૨,૮-અ તથા સોગંદનામા સાથે વિગતોવાર કાગળોની ફાઈલ રજુ થાય છે. અને તે બાબતેની નોંધ મૂકી આગળ કાર્યવાહી થતી હોય છે અને જો કોઈપણ વિગતો રેકર્ડ સાથે સુસંગત ના હોય તો તે નામંજુર કરવામાં આવે છે અને આવી પ્રકારની કેટલી ફાઈલો નગર પાલિકાને લાંચ રૂશ્વતો આપી અસામાજીક તત્વો દ્વારા કાયદાનો સરેઆમ ભંગ થાય છે. તેમજ કેટલી અરજીઓ જીલ્લા કલેકટર , પ્રાંત ગોધરા શહેર સીટી સર્વે ઓફિસર દ્વારા થતી જોવા મળે છે. પરંતુ મોટા પ્રમાણમાં જાગૃત નાગરિકો દ્વારા ગુજરાત સરકારના વિભાગ ગાંધીનગર સુધી રજુઆતો થતી હોય તેવું દૈનિક સમાચાર દ્વારા પસાર થતી જોવા મળે છે. આમ, આવી પ્રકારની જમીનો શરતોના આધારે આપવામાં આવેલની કાળજી પૂર્વક રેકર્ડ અંગેની ચકાસણી વિભાગો કરતા નથી અને દલાલો, એજન્ટો દ્વારા લાંચ રૂશ્વતોના આધારે ખેલો ખેલી સરેઆમ કાયદા તથા ગુજરાત સરકારના આદેશો તથા જીલ્લા કલેકટરના હુકમોનો સરેઆમ ભંગ કરી ગેરરીતિઓ આચરેલ છે.

જો આવા પ્રકારની જમીનો તપાસ કરી કરવામાં શહેર ગોધરા ખાતે કરવામાં આવે તો અનેક પ્રકારની રેકર્ડ વિરૂદ્ધ કાર્યવાહીના કિસ્સા જોવા મળે તેમ છે. જેથી જો પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા આ બાબતે યોગ્ય તપાસ થાય તો કરેલ અરજદારની રજુઆતો કાયદેસર બહાર આવવાની પુરેપુરી સંભાવનાઓ છે.

ગોધરા કસ્બાની રે.સ.નં. ૬૩૩/૨ તથા ૬૩૬/૨ પૈકી-૨, પૈકી-૧ બાબતે અરજદાર દ્વારા તમામ લાગતા વળગતા વિભાગો તરફ રજુઆત કરવામાં આવે છે. કરેલ ગેરરીતિઓની તપાસ તેમજ બાંધકામ તથા શરતભંગની કાર્યવાહી તથા ફોજદારી રાહે પગલાં લેવાના લેવામાં આવે.

## શહેરા પોલીસ અને નગર પાલિકા દ્વારા ચાઈનીઝ દોરી ન વાપરવા લોકોને સમજણ આપી

શહેરા,

શહેરા પોલીસ દ્વારા શહેરા નગરના પતંગ વહેપારીઓ સાથે ચાઈનીઝ દોરી તેમજ તુક્કલના પ્રતિબંધ માટે પાલિકા સદન ખાતે સભા બોલાવવામાં આવી હતી. પી.આઈ. રાહુલ રાજપુત તેમજ પોલીસ કર્મીઓ ઉપરાંત નગર પાલિકાના ઈજનેર જીજ્ઞેશ શાહ અને એસ.આઈ જીતેન્દ્રસિંહ રાઠોડ એ વિવિધ માર્ગો પર ફરી લોકોને ચાઈનીઝ દોરી નવા વાપરવા માટેની સમજણ આપવામાં આવી હતી.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

હાલમાં જ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચાઈનીઝ દોરી તેમજ તુક્કલ માટે કડક વલણ અખત્યાર કરતા સજાની જોગવાઈનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. જેમાં વહેપારીઓ દ્વારા વધુ આર્થિક ફાયદો મેળવવા સારૂં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરવામાં આવે છે. જેમાં મૂંગા પક્ષીઓ ઉપરાંત માણસને પણ ગળામાં વાગવાથી મૃત્યુ થયા હોવાના કિસ્સા બનવા પામ્યા છે. જેને અનુલક્ષીને મંગળવારના રોજ શહેરા પી.આઈ રાહુલ રાજપુત તેમજ પોલીસ કર્મીઓ ઉપરાંત નગરપાલિકાના એસ.આઈ. જીતેન્દ્રસિંહ રાઠોડ અને ઈજનેર જીજ્ઞેશ શાહ સાથે વિવિધ માર્ગો પર ફરી લોકોને સમજણ આપવામાં આવી હતી. જેમાં ચાઈનીઝ દોરાથી કોઈક ઘરનો જીવનદીપ બુઝાઈ જાય તો કેવી પરિસ્થિતિ સર્જાતી હોય છે. મૂંગા પક્ષીઓ જ્યારે દોરીમાં ફસાઈ જાય અને અંતે મૃત્યુ પામતા હોય છે. તો તુક્કલ પણ નુકશાનકારક હોઈ ચાઈનિઝ દોરી અને તુક્કલથી દૂર રહી ઉત્તરાયણ પર્વ ઉજવવું જોઈએ તેની સમજ આપી હતી. ત્યારબાદ શહેરા નગરપાલિકા મુખ્ય અધિકારી તેજલ મુધવાની અધ્યક્ષતામાં એક સભાનું આયોજન શહેરાના પતંગના વહેપારીઓ સાથે કરવામાં આવ્યું હતું જેમાં તેઓને ચાઈનીઝ દોરીના તેમજ તુક્કલ નો ઉપયોગ ન કરવા અને જો કોઈ પકડાશે તો તેની સામે કાયદેસર કાર્યવાહી કરવાનું કહેવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, માનવતાના ધોરણે વહેપારીઓ જો પોતાના આર્થિક ફાયદાને ન જોતા ચાઈનીઝ દોરીનું વેચાણ અટકાવે તો કેટલાયે અબોલ પક્ષીઓ અને મનુષ્ય માત્રનો જીવ બચાવી શકાય તેમ છે.

## મોરવા(હ)ના કુવાઝર ગામે કોસ્મેટીક દુકાન માંથી ચાઈનીઝ દોરી ૧૨૭ સાથે દુકાનદાર ઝડપાયો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના કુવાઝર ગામે કોસ્મેટીક અને ફુટવેરની દુકાનમાં ચાઈનીઝ / સિન્થેટીક દોરીની નાની-મોટી રીલો-ફિરકીઓ રાખીને વેચાણ કરતા હોય તે સ્થળે મોરવા(હ) પોલીસે રેઈડ કરી ૨૯,૫૧૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના કુવાઝર ગામે કોસ્મેટીક અને ફુટવેરની દુકાન ઉપર ચાઈનીઝ/ સિન્થેટીક દોરી રાખીને વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ચાઈનીઝ/સીન્થેટીક દોરીની ફિરકીઓ નંગ-૧૨૭ કિંમત ૨૯,૫૧૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે શબ્બીર સૈફુદ્દીન વ્હોરાની ધરપકડ કરવામાં આવી. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા નારી કેન્દ્ર વાગડીયાવાસમાં ચાઈનીઝ દોરી ૮૩ રીલો સાથે એક ઈસમને ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેર નારી કેન્દ્ર વાગડીયાવાસ વિસ્તાર માંથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની રીલો ૮૩ ઘરમાં વેચાણ માટે રાખેલ ઈસમને પોલીસે ઝડપી પાડ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર નારી કેન્દ્ર વાગડીયાવાસમાં રહેતા સુરજભાઈ ઉર્ફે સુરેશભાઈ રણછોડભાઈ ખરાડી પોતાના ઘરમાં વેચાણ માટે પ્રતિબંધીત ચાઈનીઝ દોરી રાખીને વેચાણ કરતા હોય તેવી માહિતીના આધારે પોલીસે રેઈડ કરી ચાઈનીઝ દોરીની રીલો નંગ-૮૩ કિંમત ૨૨,૦૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા કુબા મસ્જીદ નદીના ઢાળ માંથી વરલી મટકાનો જુગાર રમતા ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યો

ગોધરા,

ગોધરા શહેર કુબા મસ્જીદ નદીના ઢાળમાં ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમી રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ૬,૩૭૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના કુબા મસ્જીદ મેશરી નદીના ઢાળમાં ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમાડતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી મહંમદ રફિક સત્તાર મિસ્ત્રી, રફિક ગની મિસ્ત્રી, સોહેલ અહેમદ ગોલને ૬,૩૭૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલસી મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# દાહોદ, પંચમહાલ, મહીસાગરમાં પીડીતના કોરા ચેકનો દુરઉપયોગ કરી મનફાવે તેટલી રકમ વસુલ કરતાં વ્યાજખોરો

- પોલીસ દ્વારા વ્યાજખોરોની અટકાયત અને જામીન પર મુક્ત થયા બાદ વ્યાજખોરો દ્વારા પુનઃ આચરવામાં આવતાં કારસ્તાન પર લગામ કસવી જરૂરી.
- પીડીત પાસેથી બળજબરીપુર્વક અને ધાકધમકીઓ આપી કોરા ચેકો પડાવી લેવામાં આવે છે : ચેક બાઉન્સ થાય તો વ્યાજખોરો ૧૩૮ મુજબનો ગુનો કોર્ટમાં દાખલ કરતાં ન્યાય માટે કોર્ટના ધક્કા ખાતા પીડીત.

દાહોદ,

ગુજરાત પોલીસ દ્વારા હાલ ગેરકાયદેસર વ્યાજનો ધંધો કરતાં માથાભારે વ્યાજખોરો પર લગામ કસવા માટે એક મુહીમ છેડી છે. જેમાં ગેરકાયેદસર વ્યાજનો ધંધો કરતાં અને ઉંચા વ્યાજે નાણાં ધિરાણ કરતાં વ્યાજખોરો સામે લાલ આંખ કરી વ્યાજના ખપ્પરમાં હોમાય ગયેલા લોકોની વહારે આવી આવા પીડીત વ્યક્તિઓના રક્ષણ માટે પોલીસ દ્વારા વ્યાજખોરોને પકડી પાડી જેલ ભેગા કરી રહી છે પરંતુ અહીં સવાલ એ ઉભો થાય છે કે, વ્યાજખોરો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કર્યા બાદ પણ એક, બે દિવસમાં વ્યાજખોરો જામીન મુક્ત થઈ ફરી પોતાનો ગેરકાયદેસર વ્યાજનો ધંધો ફુલ્યો ફાલ્યો રાખે છે અને ફરીયાદી અને પીડતોને વધુ ટોર્ચર કરી તેની પાસેથી લીધેલા ચેકોનો પુનઃ દુરઉપયોગ કરી કોરા ચેકોમાં મનફાવે તેવી રકમ ભરી બેન્કમાં પાસ કરાવી દેતાં હોય છે અને તેમાં જો ચેક બાઉન્સ થાય તો ફરીયાદી અને પીડીતોને ખાસ્સુ નુકસાન થતું જોવા મળી રહ્યું છે. બળજરીપુર્વક અને ધાકધમકીઓ આપી વ્યાજખોરો પીડીતો પાસેથી કોરો ચેકો પડાવી લેતાં હોય છે અને કોરા ચેકોમાં રકમ ભરી બેન્કમાં ભરી દેતા હોય છે અને તેમાંય આખરે નુકસાન ફરીયાદી અને પીડીતોનું જ થતું હોય છે. આવા કેસોમાં અને બનાવોમાં જો પોલીસ દ્વારા આવા વ્યાજખોરોને પકડી ફરીયાદીના ચેકો પરત કરે અને વ્યાજખોરોને તે સબબ કોર્ટમાં ધકેલે તો ફરીયાદીને ન્યાય મળે તેમ છે. લગભગ બાઉન્સ ચેકોમાં મોટા ભાગે વ્યાજખોરોના પક્ષમાં ચુકાદો આવતો હોય છે. ત્યારે આવા કેસોમાં ક્યાંકને ક્યાંક વ્યાજના ચંગુલમાં ફસાયેલ પીડતોને કોર્ટ તરફથી પણ અન્યાય થતો હોય તેમ લાગી રહ્યું છે. વ્યાજખોરો દ્વારા પીડીતોના કોરા ચેકોનો દુરઉપયોગ કરી પીડીતને ૧૩૮ મુજબ કોર્ટમાં લઈ જવાની ધાકધમકીઓ પણ આપવામાં આવતી હોય છે. તે તરફ પણ પોલીસ તંત્ર દયાન આપે તો પીડીતોને ન્યાય મળી શકે અને તેઓના ઘર બરબાદ થતાં બચી શકે છે.

ગુજરાત પોલીસ દ્વારા થોડા દિવસો પહેલા એક મુહિમ હાથ ધરી છે. જેમાં ગુજરાતમાં ગેરકાયેદસર વ્યાજનો ધંધો કરતાં અને ઉંચા વ્યાજે નાણાં ધિરધાર કરતાં લોકો સામે કાર્યવાહી કરી તેઓને જેલના સળીયા પાછળ ધકેલવાનું કામ કરી રહી છે. પોલીસની આ મુહિમ અને આ કાર્યવાહી સરાહનીય છે પરંતુ ક્યાંકને ક્યાંક છેલ્લે વ્યાજના ખપ્પરમાં ધકેલાય ગયેલા લોકોને જે ન્યાય મળવો જોઈએ તે ન્યાય ન મળતો હોવાનું જોવાઈ રહ્યું છે. આપણે વાત કરીએ દાહોદ, પંચમહાલ અને મહીસાગરની તો આ ત્રણેય જિલ્લામાં મોટા ભાગે માથાભારે અને ગુંડા તત્વો જેવા ગેરકાયેદસર વ્યાજનો ધંધો કરતાં ઈસમો સક્રિય બની બેઠેલા છે. આવા વ્યાજખોરોના ચંગુલમાં ગરીબથી લઈ મધ્યમ વર્ગીય તેમજ મોટા વેપારીઓ અને ઉદ્યોગપતિઓ પણ આવી ચુક્યાં છે. માથાભારે, ગુંડા તત્વો અને ગેરયદેસર વ્યાજનો ધંધો કરતાં આવા લોકો સામે કોઈ એકદમ અવાજ ઉઠાવવા તૈયાર નથી અને જો કોઈ અવાજ ઉઠાવે તો તેઓને જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ મળતી રહે છે. ત્યારે આવા કેસોમાં અમુક જાગૃત નાગરિકો દ્વારા દાહોદ, પંચમહાલ અને મહીસાગરમાં અવાજ પણ ઉઠાવ્યો છે અને જાગૃત નાગરિકો અને પીડીતો દ્વારા આવા વ્યાજખોરોના ચંગુલ માંથી છુટવા પોલીસ મથકે ફરિયાદો સહિત અસંખ્ય અરજીઓ પણ કરી છે. ત્યારે જે તે સમયે આવા વ્યાજખોરો સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં આજે આવા વ્યાજખોરોની હિંમત વધી છે અને આવા વ્યાજખોરો દ્વારા લોકોના બળજરીપુર્વક અને ધાકધમકી આપી લીધેલા કોરા ચેકોમાં મનફાવે તેટલી બમણી રકમ ભરી બેન્કમાં પાસ કરી દેતાં હોય છે અને જેને પગલે પીડીતોને ભારે નુકસાન થઈ રહ્યું છે ત્યારે બીજી તરફ જો ચેક બેન્કમાં બાઉન્સ થાય તો વ્યાજખોરોની હિંમત હજુ વધી જતી હોય છે અને તેઓ દ્વારા બાઉન્સ ચેકો સબબ કોર્ટમાં પીડીતો સામે ૧૩૮ મુજબનો કેસ કરી નાંખે છે. આવા કેસોમાં ગરીબ અને મદયમ વર્ગીય લોકોને હજુ પીસાવાનો વારો આવે છે. જેમાં લગભગ કોર્ટ દ્વારા બાઉન્સ ચેક કેસમાં ૭૦ ટકા ચુકાદા ફરીયાદી તરફે એટલે કે વ્યાજખોરો તરફે આવતાં હોય છે અને માત્ર ૩૦ ટકા ચુકાદો વ્યાજના ખપ્પરમાં હોમાય ગયેલા પીડીતો તરફે આવતાં હોય છે. આવા કેસોમાં પીડીતો પોતાના કોરા ચેકો કોર્ટમાંથી પરત લાવી શકતો નથી અને પોલીસ પણ કોર્ટ પાસેથી ચેકો માંગી શકતી નથી. એક તરફ વ્યાજના ખપ્પર માંથી બહાર આવવા લોકો પોલીસના શરણે જાય છે અને પોલીસ દ્વારા કાર્યવાહી કરી વ્યાજખોરોને પકડી પણ લાવે છે પરંતુ થોડા દિવસોમાં વ્યાજખોર જામીન લઈ મુક્ત થયાં બાદ વ્યાજખોરોની પાસે પડેલ કોરા ચેકોમાં રકમ ભરી ચેકોને બેન્કમાં ભરી દેતા હોય છે અને ચેક જો બાઉન્સ થાય તો વ્યાજખોરો દ્વારા પીડીતો સામે કોર્ટમાં ૧૩૮ મુજબનો કેસ કરે છે અને તેમાંય કોર્ટના ચુકાદા ભાગ્યેજ પીડીતો તરફેણમાં આવતાં હોય છે. આવા કેસોમાં જો પોલીસ દ્વારા વ્યાજખોરોને પકડી લાવી તેઓની પાસેથી ચેકો સહિત અન્ય ગીરવે મિલ્કત દસ્વાવેજ, ઘરેણા તેમજ અન્ય સામગ્રી કઢાવવામાં સફળ રહે તો વ્યાજખોરો પર લગામ કસી શકાય તેમ છે કારણ કે, વ્યાજખોરો દ્વારા કોરા ચેકોનો દુરૂઉપયોગ કરી કોર્ટ મારફતે તેઓ પીડીતોને પુનઃ હેરાન પરેશાન પણ કરતાં હોય છે. વ્યાજખોરો આવા કેસોમાં પુનઃ આઝાદ થઈ જાય છે અને પુનઃ પોતાનો ગેરકાયદેસર વ્યાજનો ધંધો ફુલ્યો ફાલ્યો રાખે છે. આમેય કોર્ટ દ્વારા ચેક બાઉન્સ કેસમાં વ્યાજખોરો તરફે નિર્ણય વધુ આવતાં હોય છે અને પીડીત તરફે ચુકાદા ભાગ્યેજ આવતાં હોય છે જેમાં વ્યાજખોરના ચંગુલમાં ફસાયેલા પીડીતો વધુ હેરાન પરેશાન થતાં હોય છે. આવા કેસોમાં પોલીસ પણ કોર્ટને ફોલોવ કોર્ટને કરે છે. આવા કેસોમાં પીડીતો વ્યાજખોરો સામે અસંખ્ય ફરીયાદો કરે તો પણ કોઈ મતલબ રહેતો નથી કારણ કે, થોડા દિવસોમાં વ્યાજખોર જામીન પર છુટી જતાં હોય છે.

સમગ્ર મામલે પોલીસ તંત્ર દ્વારા આવા ગેરકાયેદસર વ્યાજનો ધંધો કરતાં અને ઉંચા વ્યાજે નાણાં ધિરાણ કરતાં ઈસમોની અટકાયતી પગલાં સમયે તેઓની પાસેથી પીડીત વ્યક્તિઓના કોરા ચેકો સહિત મિલ્કતના દસ્તાવેજો, ઘરેણા વિગેરે પણ કબજે કરી તેઓની સામે કોર્ટમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે તો આવા વ્યાજખોરોના ત્રાસના બનાવોમાં ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી પીડત વ્યક્તિઓને ખરેખર ન્યાય મળી શકે તેમ છે.

### વ્યાજખોરો ખુલેઆમ શાહુકાર ધારાનો ભંગ કરી રહ્યાં છે : પોલીસ દ્વારા તલસ્પર્શી તપાસ જરૂરી

પોલીસ દ્વારા વ્યાજખોરો સામે જે મુહિમ શરૂ કરી છે. તે સરાહનીય અને સારી છે પરંતુ પોલીસ દ્વારા જો કોઈ ફરીયાદના આધારે ગેરકાયદેસર વ્યાજનો ધંધો કરતાં ઈસમને ઝડપી પાડે તો તેને કબુલાત કરાવી તમામ પુરાવાઓ કોર્ટમાં રજુ કરવામાં આવે તે જરૂરી છે. વ્યાજખોરો દ્વારા જાનથી મારી નાંખવાની ફરિયાદો પણ દાહોદ, પંચમહાલ અને મહીસાગરના પોલીસ મથકે નોંધાંયેલ છે. આ ફરિયાદોને આધારે પણ વ્યાજખોરોને કોર્ટમાં ઢસેડી શકાય છે. પોલીસ તંત્ર દ્વારા વ્યાજખોરો સામે સલસ્પર્શી તપાસ હાધ ધરી કોર્ટમાં તેઓને લઈ જવામાં આવે તો ગેરકાયદેસર વ્યાજનો ધંધો કરતાં લોકોએ શાહુકાર ધારાનો ભંગ કર્યો હોવાનું જણાઈ આવે તેમ છે. શાહુકાર ધારાનો ભંગ બદલ પણ વ્યાજખોરો સામે પોલીસ તંત્ર કાર્યવાહી કરી શકે તેમ છે અને પીડીતને ખરેખર ન્યાય મળી શકે છે.

### વ્યાજખોરો પીડીત પાસેથી કોરા ચેકો પડાવી લઈ કોર્ટમાં ૧૩૮ મુજબના કેસ કરી દેતાં હોય છે જેમાં પીડતને ન્યાન મળતો નથી

દા.ત. કોઈ પીડીત જો કોઈ વ્યાજખોર પાસેથી પાંચ લાખ રૂપીયા લે તો વ્યાજખોર વ્યક્તિ પાસેથી પાંચ કોરા ચેકો પડાવી લેતો હોય છે. જેમાં વ્યાજખોર દ્વારા કોરા ચેકોમાં મનફાવે તેટલી રકમો ભરી બેન્કમાં પાસ મુકી દેતાં હોય છે. બાઉન્સ ચેકોમાં જો કોર્ટમાં કેસ ચાલી જાય તો કોર્ટ દ્વારા પેનલ્ટી સહિત બમણી રકમ ચુકવવા પીડીતોને હુકમ કરવામાં આવતાં હોય છે. આવા કેસોમાં પણ પીડીતો ઉપર પડતા ઉપર પાટુ સાબીત થાય છે. બીજી તરફ આવા કેસોમાં ખાસ કરીને માથાભારે વ્યાજખોરો દ્વારા પીડીતોને ડરાવી, ધમકાવી તેઓને પાસેથી કોરા ચેકો પડાવી લેતાં હોય છે અને મનફાવે તેટલી રકમો કોરા ચેકોમાં રકમ ભરી પીડીત પાસેથી મુડી કરતાં ૧૦ ગણી રકમ વસુલ કરવામાં આવતી હોય છે અને તેમાંય જો ચેક બાઉન્સ થાય તો વ્યાજખોરો દ્વારા પીડત સામે કોર્ટમાં ૧૩૮ મુજબનો કેસ કરી દેતાં હોય છે. આવા કેસોમાં કોર્ટ દ્વારા પણ વ્યાજખોરોના પક્ષમાં ચુકાદા કરી લેતાં પીડતને ખરેખર ન્યાય મળતો નથી.